ત્યાગની પ્રતિમા



મહાત્મા ટૉલ્સ્ટૉય

ત્યાગની પ્રતિમા

ટોલ્સ્ટોય કૃત

અનુવાદક

નટવરલાલ માણેકલાલ દવે

જે મનુષ્ય દુનિયાની પ્રશંસા મેળવવા
ખાતર જીવે છે તેને માટે પ્રભુ નથી.

પાંચ આના

પ્રકાશક :
ગુજરાત સાહિત્ય મંદિર
રીચીરોડ : અમદાવાદ

પહેલી આવૃત્તિ
૧૯૮૭

મુદ્રક :
ગજાનન વિશ્વનાથ પાઠક
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ

ત્યાગની પ્રતિમા

સારા સમાજને ખળભળાવી મૂકે એવી પિટ્સબર્ગમાં એક ઘટના બની.

તે એક દેખાવડો જુવાન, રાજકુમાર અને બખ્તરી ટુકડીનો અમલદાર હતો. દરેક ધારતું કે તે મહેસાબ (aid-de Camp)ની પદવી પ્રાપ્ત કરશે અને શહેનશાહ નિકોલસ પહેલાનો અંગભૂત બની ઉજ્જવળ કારકીર્દિ મેળવશે. તેણે નોકરીને તિલાંજલિ આપી.

પરણવાને એક પખવાડીયું બાકી રહ્યું હતું ત્યાં તો તેણે તે સ્વરૂપવાન સ્ત્રી જે મહારાણીની માનીતી હતી તેની સાથેનો સંબંધ તોડી નાખ્યો. પોતાની નાનીશી મિલ્કત બ્હેનને અર્પણ કરી અને એક મઠમાં સાધુ થવા નીકળ્યો.

જે તેના છુપા ભાવોથી અજ્ઞાત હતું તેને મન તો આ પગલું અદ્ભુત અને ગૂઢ લાગ્યું, પણ એ રાજકુમારને નમ તો એ સિવાય બીજો કોઈ પણ કુદરતી માર્ગ ન હતો.

તે બાર વર્ષનો હતો ત્યારે તેના પિતા જે અંગરક્ષકની ટુકડીનો સરદાર હતો અને રિટાયર્ડ થએલો હતો, તે ગુજરી ગયો. માતાને માટે પુત્રને ઘરની બહાર કાઢવો એ કઠણ હતું પણ પોતાના મૃતપતિની આજ્ઞા તેના મરણ પછી પુત્રને લશ્કરી

શિક્ષણ આપવાની હતી; તેને માન આપી પુત્રને શાળામાં દાખલ કરાવ્યો.

રજાઓમાં પુત્રને પોતાની સાથે ઘેર તેડી લાવે એ ઇરાદાથી વિધવા માતા તેની પુત્રીને લઇને પિટર્સબર્ગમાં ગઇ. શાળામાં તેણે ઉજ્જવળ શક્તિ અને અદ્‌ભુત મહત્ત્વાકાંક્ષા દાખવ્યાં હતાં. લશ્કરી કવાયતમાં, ઘોડેસ્વારીમાં અને અભ્યાસમાં ગણિતશાસ્ત્ર કે જેને માટે તેને ખાસ પ્રેમ હતો તેમાં–તે સૌથી પ્રથમ નંબરે આવેલો હતો.

અસાધારણ ઉંચાઈ હોવા છતાં તે દેખાવડો અને ખુબસુરત છોકરો હતો અને જો તેનો સ્વભાવ સ્હેજ વધારે પડતો ઉગ્ર ન હત તો તે એક અનુકરણીય અમલદાર થાત. તે દારુ ન પીતો અથવા તો બીજે કોઈ ખરાબ રસ્તે ચઢયો ન હતો. ખાસ કરીને સત્ય બોલવા તરફ તેનું વધારે મન હતું. હર ઘડીએ ગુસ્સાના આવેશમાં તે ગાંડો થઇ જતો અને આવે વખતે તે પોતા પરથી કાબુ ગુમાવી બેસતો અને એક જંગલી પશુની માફક વર્તતો. તેના ચારિત્ર્યમાં આટલો વાંક હતો. એક વખત તેણે કેટલાક ખનીજ પદાર્થો ભેગા કર્યા હતા તેથી એક વિદ્યાર્થીએ તકરાર કરી અને તેનાં લુગડાં ફાડી નાખ્યાં ત્યારે ગુસ્સામાં આવી તેણે તેને ઉંચકી બારી બહાર ફેંકી દીધો. એક વખત એક અમલદાર જુઠું બોલ્યો આથી તેના પર તૂટી પડી તેને બરાબર ચખાડી દીધી.

આ કારણસર તો ક્યારનોય તેને એક સાધારણ સિપાઇની જગ્યા ઉપર ઉતારી મુકયો હોત પણ તે શાળાના વડાની તેના પર રહેમ નજર હતી એટલે વાત એટલેથી જ તેણે માંડી વાળી, અને તે અમલદારને બરતરફ કર્યો.

અઢાર વર્ષની ઉંમરે તે લેફ્ટેનન્ટ થયો અને હવે તે અમીર–સંરક્ષકોની ટુકડીમાં દાખલ થયો. શહેનશાહે તો તેને જ્યારે

તે શાળામાં હતો ત્યારનો જ ઓળખ્યો હતો અને તે ટુકડીમાં દાખલ થયો ત્યારે તેના તરફ મહેરબાની દેખાડી હતી. આ કારણને લઇને લોકો ધારતા કે તે મહેસાબ (Aide-de Camp)ની પદવી પામશે. તેની પણ એ મહત્વાકાંક્ષા જ્યારે તે વિદ્યાર્થી હતો ત્યારની જ શહેનશાહ તરફના તેના અનુરાગને આભારી હતી. દરેક વખતે જ્યારે શહેનશાહ શાળાની મુલાકાત લેતા—અને ઘણી વાર મુલાકાત આપતા—ત્યારે તે ઉંચી આકૃતિ, વિશાળ વક્ષઃસ્થળ, મૂછો પર ગરૂડની ચાંચ જેવું નાક, આછી કાતરેલી દાઢી, લશ્કરી પોષાક, ચંચળ છતાં ચોક્કસ પગલું અને દરેકે દરેક વિદ્યાર્થીને ખુશનુમા અવાજે બોલાવવું વગેરે તે જોતો અને તેને કોઇને પોતાની પ્રાણપ્રિયા જોઇને થાય છે એવો ક્ષણિક આનંદ થતો. પણ શહેનશાહ તરફનો તેનો અનુરાગ વધારે ઉદ્દામ હતો. પોતાની અનન્ત ભક્તિ દાખવવા તે કંઇક, સર્વે કે પોતાની સારી જાતને અર્પણ કરવા માગતો. નિકોલસ આમ પોતા તરફ તેનામાં માનવૃત્તિ ઉત્પન્ન કરતો તે જાણતો અને વૃદ્ધિગંત થાય તેમ કરતો. તે વિદ્યાર્થીઓની સાથે હળીમળી રમતો, બધાની વચ્ચમાં ઉભો રહેતો. કેટલીક વાર છોકરવાદી સાદાઇથી તો કદીક મિત્ર તરીકે અને કોઇક વાર ગંભીર દમામથી તેમના તરફ વર્તતો.

અમલદાર સાથે બનેલા બનાવ પછી પાદશાહે તે વિષે કંઇ ઇશારો કરેલો નહિ પણ જ્યારે તે મળવા જતો ત્યારે તેને દૂર રાખતો. જ્યારે તેણે રજા લીધી ત્યારે તે ઘૂરક્યો અને જુવાન તરફ આંગળી કરી કહ્યું, "યાદ રાખજે કે દરેક વાતથી હું માહિતગાર છું પણ કેટલીક વાતો હું જણાવવાની ઇચ્છા કરતો નથી; પણ તે તો અહીં જડાઇ ગએલી છે." એમ કહી તેણે પોતાના હૃદય તરફ આંગળી કરી.

વિદ્યાર્થીઓ જ્યારે શાળામાંથી રજા પર જતા ત્યારે શહે-

નશાહ તેઓને મળવા બોલાવતો પણ તે જુવાનને તેણે તેના નીચપણા વિષે સંભાર્યું નહિ પણ દરેકને રિવાજાનુસાર, તેઓ જરૂરની વખતે તેને મળે, તેઓએ તેની અને દેશની વફાદાર રહી સેવા કરવી જોઇએ અને તે તેમનો સદાકાળ મિત્ર રહેશે વગેરે કહેતો. આથી દરેકનાં હૈયાં ભરાઇ આવતાં અને જુવાન ભૂતકાળ સંભારી રડી પડયો અને પોતાના વ્હાલા ઝાર અને તેના રાજ્યની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી.

જ્યારે તેણે ટુકડીમાં જગ્યા લીધી ત્યારે તેની માતા અને બહેને પિટસબર્ગ છોડયું. પહેલાં તેઓ મોસ્કો ગયાં અને ત્યાંથી પોતાને વતન જમીન પર ગયાં. તેણે પોતાની અડધી મિલ્કત બહેનને આપી દીધી હતી. જે અડધી રહી હતી તે તેને ખર્ચાળ ટુકડીમાં પોતાનો ખર્ચ નીભાવવા પૂરતી હતી.

આમ તો તે પોતાની જીવન કારકીર્દિ પોતાને હાથે ઘડતો હોય એવો એક રક્ષકોનો સાધારણ અને ચપળ અમલદાર લાગતો. પણ તેના આત્મામાં ઉગ્ર અને ગુંચવણભરેલું મંથન ચાલી રહ્યું હતું. આ મંથન તો તેના બાળપણથી ચાલતું આવતું અને તેમાં ફેરફાર થયા કરતા પણ તે એક જ લાગતું અને તેનું ધ્યેય દુનિયાનાં દરેક ઉપાડેલા કાર્યમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવી કે જે તેને વાહવાહ અને માન અપાવે. કોઈ પણ કામ હોય પછી ભલેને ભણવાનું હોય તો પણ તેમાં એવું કરવાની તેને ઇચ્છા હતી કે જેથી તેની વાહવાહ થાય અને તે બાકીના બધાને દાખલારૂપ બની રહે. એક વિષયમાં નિષ્ણાત બની તે બીજો વિષય લેતો અને આમ તેણે વિદ્યાભ્યાસમાં પહેલો નંબર મેળવ્યો. દાખલા તરીકે જ્યારે તે ટુકડીમાં હતો ત્યારે ફ્રેન્ચ ભાષા ઉપર તેનો બરાબર કાબુ ન હતો. તે એ સમજ્યો અને તેની પાછળ એવો પડયો કે જાણે પોતાની ભાષા ન હોય

એમ તેની ઉપર પ્રભુત્વ મેળવ્યું. શેતરંજની રમતમાં પણ તે એક્કો કહેવડાવવા લાગ્યો.

ઝાર અને સ્વદેશની સેવા એ એની જિંદગીનાં મુખ્ય ધ્યેય કરતાં એની આપખુદ રીતે મુકરર કરેલું કોઇક ધ્યેય સદાકાળ તેની સંમુખ રહ્યા કરતું. અને એ ગમે તેવું બીનઅગત્યનું હોય પણ તે પ્રાપ્ત કરવામાં પોતાની બધી શક્તિઓ ખર્ચી નાખતો અને તેને પોતાનું કરતો ત્યારે જ છોડતો. એક પૂરું થતાં બીજું ધ્યેય ખડું જ થતું. આમ પોતાને અવનવો કહેવડાવવાના કોડથી અને ધ્યેય પ્રાપ્ત કરી વાહવાહ કહેવડાવવાની આકાંક્ષાથી તેનું જીવન ભરપુર હતું. જ્યારે તે પોતાની કારકીર્દિ ઘડવામાં પડયો ત્યારે તેણે પોતાની નોકરીને માટે ઉપયોગી એવું સર્વોત્તમ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેનો નિરંકુશી સ્વભાવ તેને પ્રતિકૂળ હતો, બાકી તે એક અનુકરણીય અમલદાર બન્યો.

એક વખત સમાજમાં વાતચીત કરતાં તેને સમજ પડી કે દરેક માણસને સામાન્ય જ્ઞાનની જરુર છે. તરત જ તેણે પુસ્તકો વાંચવાં શરુ કર્યાં અને ટુંક મુદતમાં પોતાની ઇચ્છા બર આણી. હવે તેને અમીર વર્ગમાં ઉજ્જવળ સ્થિતિ પ્રાપ્ત કરવી હતી તેથી તે સુંદર રીતે નાચતાં શીખ્યો અને હવે તેને સારા સારા અમીરો તરફથી નાચમાં અને મિજબાનીઓમાં આમંત્રણ મળવા લાગ્યાં. આટલેથી તેને સંતોષ ન મળ્યો. દરેકમાં સૌથી પ્રથમ આવવું એ માન્યતા અહીં સફળ થએલી તેને ન લાગી. સર્વકાળે અને સહુ સ્થળે હોય છે તેમ તે સમયે સમાજમાં ચાર પ્રકારના વર્ગ હતા—શ્રીમંતો કે જેમને દરબારનાં આમંત્રણ મળતાં, શ્રીમંત ન હોય પણ જેઓ દરબારી વાતાવરણમાં જન્મેલા અને ઉછરેલા હોય છે તે; જેઓ દરબારીઓની નકલ કરનારા હોય તે; અને જેઓ શ્રીમંત તેમજ દરબારી નથી હોતા પણ બન્નેની નકલ કરે છે તે.

જુવાન અમલદાર, પહેલા બે વર્ગનો માણસ ન હતો પણ પાછળના બે વર્ગોમાં તે સ્હેલાઇથી જગ્યા મેળવી શકે એમ હતો. સમાજમાં ભાગ લેતાં તેને પ્રથમ વિચાર એ જન્મ્યો કે એકાદ સ્ત્રી સાથે તેને સ્નેહ હોવો જોઇએ. અને અણધારી રીતે જલ્દી એમ બનવા પામ્યું. જે ટોળામાં તે ફરતો, તે તેને સર્વોત્તમ ન લાગ્યું અને તેના કરતાં સારા વર્ગો હતા, જ્યાં તેને સન્માન મળતું પણ તેમની વચ્ચે તે એક અજાણ્યા જેવો લાગતો. તેઓ તેની તરફ માનથી વર્તતા પણ તેમની વર્તણુંક સ્પષ્ટ દર્શાવતી કે તેના કરતાં તેમને જીવજાન દોસ્તો બીજા હતા, પણ તે તો નહિ જ. તેમના જેવા બનવાની તેની ખાસ ઉમેદ હતી. એમ થવા તેણે મહેસાબ—aide-de camp—ની પદવી મેળવવી રહી અને તે તેને મળશે એમ ધારતો હતો, અથવા સારા ઘરની કન્યા સાથે લગ્ન કરવું રહ્યું. છેલ્લી વાત પાર પાડવાનો તેણે વિચાર કર્યો. તેણે એક દરબારી અમીરના ફરજંદની—એક સ્વરૂપવાન યુવતીની—પસંદગી કરી. જે સમાજમાં તે ભળવા ઇચ્છતો તેમાંની એ ન હતી પણ જેની મૈત્રી કરવા ભલભલા આગળ પડતા અને બરાબર પોતાનો અડ્ડો જમાવેલા માણસો લાલસા રાખતા. તે અમીરની છોકરી હતી ને તેનું નામ કોરોટ્કોવા હતું. તે જુવાન પણ પોતાની ભાવિ કારકીર્દિ ઘડવાના શુભ આશયથી તેને મળવા લાગ્યો. તે અસાધારણ આકર્ષક લાગતી અને એ જુવાન તેના પ્રેમમાં પડ્યો. પહેલાં તો તે છોકરી તેના તરફ ઠંડા ભાવથી વર્તતી પણ પાછળથી એકદમ બધું પરિવર્તન થઈ ગયું. તેના તરફ તેની રહેમ નજર ભરેલી વર્તણુંક હતી અને તે છોકરીની મા તેને સતત પોતાને ઘેર આમંત્રણ આપતી.

જુવાને માગણી કરી અને તેનો સ્વીકાર પણ થયો. જેના વડે તે સુખી થયો એવી સુગમતાથી તેને આ કાર્ય થયું અને

હવે તેને બન્ને માતાપુત્રીની તેના તરફની વર્તણુંકમાં ફેર જણાવા લાગ્યો. તે પ્રેમમાં ગુલતાન હતો, અને પ્રેમે તેને અંધ બનાવ્યો હતો, તેથી આખું નગર ચર્ચા કરતું—કે આગલે વર્ષે તો તેની પ્રિયા શહેનશાહ નિકોલસની વ્હાલેશ્રી હતી—તે પોતે ન સમજી શક્યો.

લગ્નને બે એક અઠવાડિઆં રહ્યાં ત્યારે જુવાન તેની ભાવિ પત્નીને ઘેર મળવા ગયો હતો. ઉનાળાનો દિવસ હતો. બગીચામાં તેઓની પ્રેમગોષ્ટી ચાલી રહી હતી અને બન્ને, ઝાડની છાયા નીચે એક બાંકડા પર બેઠાં. યુવતી પોતાના સફેદ મસ્લીનના પોષાકમાં અત્યંત રૂપાળી લાગતી હતી. તે જાણે પ્રેમ અને નિર્દોષતાની પ્રતિમૂર્તિ ન હોય એમ લાગતું. તે ઘડીકમાં મસ્તક નમાવતી, તો ઘડીકમાં પોતાના જુવાન આશકને, જે રખેને પોતાની દૃષ્ટિથી કે હાવભાવથી તેની ફિરસ્તાશી પવિત્રતાને દુભવે એ વિચારે હળવેથી અને સંકોચપૂર્ણ રીતે ગોષ્ટી કરતો હતો તેને નીહાળતી. એ જુવાનના જમાનાના માણસો હાલ હયાત નથી કે જેઓ જાણી બુઝીને પોતે અપવિત્ર બનતા પણ પોતાની પત્નીઓમાં તો આદર્શ અને નિર્મળ પવિત્રતાની અપેક્ષા રાખતા. પોતાના વર્ગની દરેક છોકરીમાં આવી પવિત્રતા છે એમ માની તેમની તરફ તદનુસાર વર્તણુંક રાખતા. પોતાના ચારિત્ર્ય પ્રત્યે પુરુષોની આવા પ્રકારની શિથિલતા ખરેખર ખરાબ અને નુકસાનકર્તા હતી, પણ તેમનો સ્ત્રીઓ સાથેનો સંબંધ વિચારતાં; આધુનિક વિચારનો જુવાન જે દરેક છોકરીને સાથી કે સ્ત્રી તરીકે કલ્પે છે તેને વિષે કંઇ કહેવાપણું રહે છે, પોતાને આવા પ્રકારનું સન્માન મળતું જોઇ, છોકરીઓ પોતે દેવીઓ બનવા થોડે ઘણે અંશે ફળીભૂત થવા પ્રયત્ન કરવા લાગી.

જુવાન પણ જમાનાના વિચારોને મળતો હતો અને પોતાની પ્રાણપ્રિયા તરફ એવી જ નજર નાખતો. તે દિવસે તેના તરફ તે કોઇ પણ વખત કરતાં વધારે પ્રેમમાં હતો પણ તેની દૃષ્ટિમાં વિકાર ન હતો, એથી ઉલ્ટું તો તે છોકરી કંઈક અસાધ્ય ચીજ છે એમ માની તેની તરફ કોમળ સન્માનની દૃષ્ટિથી જોતો. તે તેની સન્મુખ પોતાના બન્ને હાથને તરવાર પર ટેકવી ટટાર ઉભો રહ્યો.

"આજે પ્રથમ વાર જ હું સુખ શું છે એ સમજું છું. અને તેં જ—ઓ પ્રિયા—મને એ સુખ અર્પ્યું છે." તેણે શરમમાં હસતાં હસતાં કહ્યું.

તે હજુ એવી ભૂમિકામાં હતો કે જ્યાં પ્રણય એ ટેવના રૂપમાં ન હતો અને આ રીતે વાતચીત કર્યાથી તેને સ્હેજ શ્વાસ ભરાઇ આવ્યો.

"તેં જ મને મારી જાતને સ્પષ્ટ ઓળખતાં શીખવ્યું. તેં મને દેખાડી આપ્યું છે કે હું ધારતો હતો તેના કરતાં હું વધારે સારો છું." તેણે આગળ ચલાવ્યું.

"એ તો હું ઘણા સમયથી જાણતી હતી. અને એ જ વસ્તુથી હું તમને ચ્હાવા લાગી."

નજદીકમાં ક્યાંક બુલબુલોએ ગાન શરૂ કર્યાં અને પવનના ઝપાટામાં કુંપળો હાલવા લાગી. પોતાનો હાથ તેણે હોઠ સુધી ઉંચો કર્યો અને તેની આંખમાં અશ્રુ ભરાયાં.

તે સમજી ગઇ કે, પોતે તેને ચાહે છે એમ કહ્યું તે બદલ તે આભાર દર્શાવે છે. તેણે આમતેમ શાન્તિપૂર્વક લટાર મારી અને તેની પાસે જઇ બાજુમાં બેઠો.

"તું જાણે છે કે જ્યારે મેં તને ચ્હાવાનું શરૂ કર્યું ત્યારે હું મારા તરફ બેદરકાર ન હતો. મારે સમાજમાં સ્થાન મેળ-

વતું હતું. અને જ્યારે હું તને વધારે ઓળખતો ગયો ત્યારે તારી સરખામણીમાં તે બધું કેવું ક્ષુદ્ર ભાસે છે! શું તે માટે તું મારા પર ગુસ્સે તો નથી થઈને ?"

તેણે જવાબ ન વાળ્યો પણ તેના હાથને સ્પર્શ કર્યો. 'હું ગુસ્સે નથી થઈ,' એમ તે કહેવા માગે છે એ તે સમજ્યો.

"ઠીક, તેં કહ્યું..........." તે થંભ્યો. જે કહેવા માગતો હતો તેને વધારે હિંમતની જરૂર હોય એમ લાગતું હતું. "તેં કહ્યું......કે તેં...મને ચાહવાનું શરુ કર્યું...હાં ભૂલ્યો, માફ કરજે—હું તો એ માનું જ છું—પણ એવું કંઈક છે જે તને દુ:ખ દે છે અને જે તારી લાગણીઓના માર્ગમાં આડે આવે છે. તે શું છે ?"

"હા, હમણાં જ કે કદી નહિ," તે છોકરીએ વિચાર્યું, "તે ગમે તે રીતે જાણનાર તો છે. પણ અત્યારે તેટલા પૂરતો એ મને તરછોડશે નહિ. અરે, પણ જો એ એમ કરે તો તો શી આફત!" અને છોકરી, તે ઉંચા, ઉમદા અને કદાવર શરીર તરફ ગૂઢ પ્રેમની નજરે નીહાળી રહી. અત્યારે તે ઝાર કરતાં તેને વધારે ચ્હાવા લાગી અને નિર્કાલસ જો શહેનશાહ ન હોત તો તે એ બન્નેમાંથી આ યુવાનને જ પસંદ કરત.

"સાંભળ." તેણે કહ્યું, "હું તને છેતરીશ નહિ. હું તને જરેજર કહીશ. માર્ગમાં શું આડે આવે છે એમ તેં પૂછ્યું. મેં જેને પહેલો ચાહ્યો છે તે."

તેણે તેના ઉપર ફરીથી યાચનાભર્યા હાવભાવ સાથે હાથ મુક્યો.

તે શાન્ત હતો.

"તે કોણ છે એ તારે જાણવું છે? શહેનશાહ."

"આપણે બધાય તેને ચ્હાતા હતા. હું તને વિદ્યાર્થીની તરીકે કલ્પી શકું છું—"

"ના. ત્યાર પછી. એ તો એક ક્ષણિક મોહ હતો પણ મારે તને કહેવું જોઇએ—"

"હાં—શું?"

"ના, એ કંઈ અમસ્થો—" તેણે પોતાના બન્ને હાથ વડે ચ્હેરો ઢાંકી દીધો.

"શું! તું તારી જાતને તેને દઈ ચુકી છું?"

છોકરી શાન્ત હતી.

"ધણીઆણી થઇ ચૂકી છું?"

હજી તેણે જવાબ ન વાળ્યો.

તે કુદ્યો અને મૃત્યુ જેવો ફિક્કો પડી ગએલો અને દાંત કચકચાવતો તેની સામે ઉભો રહ્યો. શહેનશાહે તેને આપેલાં અભિનંદન સાંભર્યા.

"મારા રામ, મેં આ શું કર્યું?"

"મને સ્પર્શ ના કરીશ. ના કહું છું કે મને સ્પર્શ કરીશ ના! હાય, કેવું ભયંકર!"

તે ચાલી નીકળ્યો અને ઘેર ગયો. ત્યાં તે છોકરીની માને મળ્યો.

"કુમાર, આજે શું બન્યું છે કંઈ?"

તેનો ચહેરો જોતી તે ઉભી રહી.

તેના કપાળ ઉપર એકદમ લોહી ધસી આવ્યું.

"તું તો પહેલેથી જાણતી હતી! પાછી તું મને એનો ઢાંકપીછોડો કરાવવા માગે છે! અરે! શું કરું? જો તું સ્ત્રી જાત ન હોત તો—" તેણે પોતાની વિશાળ મૂઠી ઉગામી બૂમ મારી. ત્યાંથી પાછો ફરી તે દોડી ગયો.

તેની પ્રિયાને ચાહનાર કોઇ સામાન્ય આદમી હોત તો તેણે તેનું ખૂન કર્યું હોત. પણ તે તો તેનો વ્હાલો ઝાર હતો.

બીજે દિવસે તેણે અમુક મુદ્દતની રજા માગી અને પછી નોકરીમાંથા ફારક થયો. તબીયત નાદુરસ્ત છે એમ કહી કોઇને મુલાકાત ન આપતો અને દેશમાં ચાલ્યો ગયો.

વસંત ઋતુ તેણે પોતાનો મામલો ઠીકઠાક કરવામાં પસાર કરી. વસંત પૂરી થઈ ત્યારે તે નગરમાં ન ગયો અને સાધુ બનવાની આભલાષાએ તે એક મઠમાં દાખલ થયો.

તેની માતાએ તેના અગત્યના પગલામાંથી વારવાને તેને પત્ર લખ્યો. તેણે જવાબ વાળ્યો કે કોઇ પણ વિચારના કરતાં પ્રભુપ્રાપ્તિ એ ધંધો તેને વધારે યોગ્ય જણાયો છે. તેની બહેન જે તેને સમજતી હતી, તે એકલી જ તેના આવા કાર્યથી, તેના જેટલો જ ગર્વ અને માન ધરાવતી હતી.

તેના આશયો ધારવામાં તે ખરી હતી. બાહ્ય દુનિયાને જે કંઈ અતિ આવશ્યક લાગે છે તે તરફ પોતાનો તિરસ્કાર દર્શાવવા તે સાધુ થયો હતો, અને તે અમલદાર હતો ત્યારે પણ તેની આવી જ વિચારસરણી હતી. તે એવા શિખરે પહોંચ્યો હતો કે જ્યાંથી તેણે પહેલાં જે જે વસ્તુઓની અદેખાઇ આવતી તે દૃષ્ટિગોચર થતી. તેની બહેનના મત કરતાં ઉલ્ટો આ કંઇ એકલો માર્ગદર્શક હેતુ ન હતો. તેના અહંકાર અને ઉચ્ચ પદવી માટેના મોહની સાથોસાથ તેનામાં અસલ ધાર્મિક ભાવો ગુંથાએલા હતા જેની તેની બહેનને જાણ ન હતી. છોકરી કે જેને તેણે એક દેવના ફિરસ્તા જેવી માનેલી, તેનાથી થએલું નુકસાન અને તેથી ઉદ્દભવેલી ભગ્નાશા એટલાં તો પ્રાણવેધક હતાં કે તેને વિષાદ ઉપજ્યો. તેના વિષાદે તેને ક્યા દોરો? પ્રભુ પાસે, આકીન તરફ, બાળકના જેવો આકીન કે જે કદી ઘાતક નીવડતો નથી.

(૨)

કુમારી મેરીની પરાર્થપ્રાર્થનાની મિજબાનીને દિવસે તેણે જે કોઇ તેના કરતાં પોતાને ઉચ્ચ ગણવાનાં સ્વપ્નો સેવતા હતા તેને પોતાનું સર્વોચ્ચપણું દાખવવા મઠમાં પ્રવેશ કર્યો.

પાદરી જન્મે ઉમદા કુટુંબનો નબીરો હતો, વિદ્વાન હતો અને લેખક પણ હતો. તે એવા મઠની સત્તા નીચે હતો કે જેના સભ્યો એવા અગ્રણીની પસંદગી કરે અને પોતે પણ અગ્રણી બને કે જેને વિના ચરકયે અને નિઃસંશય રીતે તેઓએ અનુસરવું રહ્યું.

મોટા મોટા સંત-મહંતોનો તે પાદરી અનુયાયી હતો.

આ પાદરીને પોતાનો મુરબ્બી માની તે આ મઠમાં દાખલ થયો.

દુનિયામાં બનતું હતું તેમ અહીં પણ મઠમાં એક બીજા પર પ્રભુત્વ મેળવવાની ભાવના સાથે ઉચ્ચતમ સંપૂર્ણતા મેળવવાનો આંતર તેમજ બાહ્ય આનંદ તેણે અનુભવ્યો. પોતાની ફરજથી પણ આગે બઢીને તે જ્યારે ટુકડીમાં હતો ત્યારે નિષ્કલંક અમલદાર કરતાં પણ વધારે ગણાવામાં આનંદ મેળવતો. અહીં સાધુ તરીકે, સંપૂર્ણ ઉદ્યોગી, મિતાહારી, વિનયી અને નમ્ર બનવા, અને વધારેમાં વિચાર એકલામાં નહિ પણ આચારમાં પણ પવિત્ર બનવા અને આજ્ઞાંકિત થવાનો પ્રયત્ન કરતો. છેલ્લા ગુણે તેનું જીવન બહુ જ સરળ બનાવ્યું. એ મઠમાં લોકોનો અવરજવર બહુ હતો અને તેને કેટલીક વસ્તુઓ હરકતકર્તા હતી પણ આજ્ઞાંકિતપણાને લીધે તે સહુ સાથે તેણે ચલાવી લીધું,

" મારે કારણોમાં ઉતરવાનું ન હોય; મારે તો ગમે તે હુકમને આજ્ઞાધીન થવાનું જ હોય." પવિત્ર સ્મારક ચિહ્નોના

સંગ્રહની રક્ષા કરતાં, કીર્તનમંડળીમાં ભજન કરતાં કે મઠના હિસાબકિતાબ રાખતાં, સંશયની શક્યતાને વડીલની આજ્ઞા શાન્ત કરી દેતી. જો આજ્ઞા આડે ન આવતી હોત તો તેને, એક જ માણસને દેવળમાં પૂજા કરવાની મુખત્યારી અને અવધ; લોકોની અવરજવર અને બીજા સાધુઓનો ઉતરતો દરજ્જો એ અત્યંત અણગમો ઉપજાવત. પણ તે દરેકને તે સંપૂર્ણપણે સહી લેતો અને તેમાં જ તેને શાન્તિ અને ટેકો મળી રહેતાં.

"મને ખબર નથી પડતી," તે વિચારવા લાગ્યો "કે મારે દિવસમાં વારંવાર એક જ પ્રાર્થના, શા માટે સાંભળવી, પણ એ જરુરનું છે એટલું જાણું છું અને તેથી આનંદ અનુભવું છું." તેના વડીલે તેને કહ્યું હતું કે જેમ શરીર ટકાવવાને ખોરાકની જરુર છે તેમ આત્મા ટકાવવા, દેવળમાં પ્રાર્થના જેવા દૈવી ખોરાકની જરુર છે. તેમાં એ માનતો હતો અને ઇશ્વરભક્તિ માટે સવારે વહેલા ઉઠવામાં તેને કષ્ટ પડતું હતું. છતાં તેમાંથી તેને ખચિત આશ્વાસન અને આનંદ મળી રહેતાં. નમ્રતાનું અને વડિલની આજ્ઞાને માન આપી જે કંઇ કરવામાં આવે તે ખરું જ હોય એ માન્યતાનું આ પરિણામ હતું.

પોતાની ઇચ્છાઓનું સંપૂર્ણ દમન હળવે હળવે પ્રાપ્ત કરવું કે સર્વોચ્ચ નમ્રતા પ્રાપ્ત કરવી એ જીવનધ્યેય ન હતું, પણ સઘળા ખ્રિસ્તી સદ્‌ગુણો કે જે શરૂઆતમાં પ્રાપ્ત કરવા સ્હેલા લાગે છે તેને પ્રાપ્ત કરવા એ જ જીવનધ્યેય હતું.

અર્ધશંકિત રહ્યા વગર પોતાની પાસેની સર્વ મિલ્કત લવલેશ દુઃખ સિવાય મઠને સમર્પિત કરી.

પોતાનાથી હલકા દરજ્જાવાળાઓની સાથે નમ્રતાપૂર્વક વર્તવું એ અઘરું ન હતું, અને તેથી તેને હર્ષ થતો. તેને માટે

લોભ અને કામ ઉપર વિજય મેળવવો એ સ્હેલી વાત હતી. તેના ઉપરીએ તેને આ છેલ્લા પાપથી ખૂબ ચેતવ્યો હતો પણ તેમાંથી પોતે મુક્તિ મેળવ્યાનો આનંદ પ્રાપ્ત કરતો. ફક્ત તેની પ્રિયાના વિચારે તેનું હૈયું ધવાતું. એ ફક્ત શું બન્યું એનો વિચાર ન હતો પણ એમાંથી શું પરિણામ નિપજત એના આબેહુબ ચિત્રનો વિચાર હતો. તે શહેનશાહની મશહુર પ્રિયા કે જે પાછળથી પરણી બંને સારી પત્ની અને માતા બની તેની પ્રતિમા મનઃચક્ષુ સમીપથી ધકેલી શક્યો નહિ. તેના પતિને ઉચ્ચ મોભો, લાગવગ અને માન સાથે સારી અને અનુભવી પત્ની પણ મળી રહી હતી.

ઉત્તમ સમયે તે આવા વિચારોથી ક્ષુબ્ધ થતો નહિ. આવાં પ્રલોભનો વહી ગયાં છે માની તે આનન્દતો. એવી પળો પણ આવતી જ્યારે ખરી રીતે તે આધુનિક જીવનના આધારમાં માનતો અટકી જતો નહિ પણ એટલું તો ખરું કે તેની તેને પ્રતીતિ થતી નહિ; જ્યારે તે ચાલુ જીવનનું ધ્યેય શોધી શકતો નહિ અને જ્યારે ભૂતપૂર્વ પ્રસંગોથી તેનું હૈયું ભરાઈ આવતું અને ભયંકર વાત તો એ હતી કે દુનિયા છોડયાની દીલગીરીથી એમ બનતું; ત્યારે એવી પળો તેના મનની સમીપ પોતાનું જીવન અંધકારમય ખડું કરતી. એવા સમયે, આજ્ઞાંકિતપણું, કામ અને આખોય દિવસ પ્રાર્થના એ તેના માનસને મુક્તિપ્રદ નીવડતાં. તે સાંપ્રદાયિક રીતિએ પ્રાર્થના કરતો—કેટલીક વાર તે નિત્યવ્યવહાર કરતાં પણ વધુ પ્રમાણમાં પ્રાર્થના કરતો—પણ એ બધી હોઠ ફફડાવવાની વાત હતી, તેનો આત્મા એમાં કંઇ જ ભાગ ન લેતો. એવી સ્થિતિ એકાદ બે દિવસ રહી ચાલી જતી. પણ આ દિવસો ભયાનક હતા. તેને લાગતું કે પોતાના કે પ્રભુના હાથમાં તે ન હતો પણ કોઇ બાહ્ય દુનિયા તેના

પર સામ્રાજ્ય ભોગવતી. એવા સમયે તે વડીલની સલાહને અનુસરતો અને જાતે કંઇ જ વ્હોરી ન લેતાં રાહ જોતો.

બધી રીતે જોતાં તે પોતાની ઇચ્છાનુસાર નહિ, પણ વડીલની આજ્ઞાને સંપૂર્ણ તાબે રહીને જીવન જીવતો અને તે આજ્ઞાંકિતપણામાં તેને શાન્તિનાં દર્શન થતાં.

પહેલા મઠમાં રહ્યો ત્યાં આ પ્રકારનું તેનું જીવન હતું. તે સાત વર્ષ ચાલ્યું. ત્રીજા વર્ષની આખરે તેને પૂજારીની જગ્યા આપવામાં આવી અને તેનું નામ સર્જિયસ પાડ્યું. તેના આંતર જીવન માટે તે દીક્ષાએ અગત્યનો ભોગ ભજવ્યો. પહેલાં તેણે આવા સત્સંગથી, મહાન આશ્વાસન અને ધાર્મિક ઉન્નતિ અનુભવ્યાં હતાં. પહેલાં જ્યારે તે સામુદાયિક પ્રાર્થના કરતો ત્યારે આહુતિ આપવાને સમયે તેનો આત્મા પ્રફુલ્લિત થતો. પણ ધીમે ધીમે આ ભાવ કુંઠિત થતો ચાલ્યો એને એકદા જ્યારે તે દિલગીરીમાં હતો—અને આવું કેટલીક વખત બનતું—ત્યારે સામુદાયિક પ્રાર્થના કરતાં તેણે પહેલાંના જેવો આત્માનંદ ન અનુભવ્યો. ધીરે ધીરે ભાવ, ટેવના રૂપમાં ફેરવાઇ ગયો.

મઠમાં સાત વર્ષના લાગટ રહેઠાણના પરિણામે સર્જિયસ શ્રમિત થયો હતો. તેને જે શીખવું હતું, જે પ્રાપ્ત કરવું હતું, તે થઇ ગયું હતું, અને હવે કંઇપણ કરવાનું બાકી ન હતું.

ફક્ત તેનામાં જડતા આવી. તે જ સમયમાં તેણે માતાના મૃત્યુના અને મેરી—જેને તે ચ્હાતો હતો તેના લગ્નના સમાચાર સાંભળ્યા. બન્ને બનાવો તરફ તે બેપરવા હતો કારણ કે તેનું લક્ષ્ય અને તેનો સર્વ સ્વાર્થ આંતર જીવનમાં કેન્દ્રીભૂત થએલો હતો.

ચોથા વર્ષના અનુભવે જણાયું કે પાદરીએ તેના તરફ ખાસ માયાળુતા દેખાડેલી હતી અને તેના વડીલે કહ્યું હતું કે

તેને કાંઈ ઉંચી પદવી આપવામાં આવે તો તેણે નકાર ન વાળવો. એ મઠમાં ઉચ્ચ પદપ્રાપ્તિની તૃષ્ણા—કે બીજા સાધુઓમાં જેના અસ્તિત્વે તેને ઘૃણા ઉત્પન્ન કરી હતી તે—પોતામાં ઉદ્‌ભવી. પાટનગરની બાજુના મઠમાં તેને મોકલવામાં આવ્યો. તેને ન જવાનું ઘણું મન હતું પણ વડીલની આજ્ઞા હતી તેને માન્ય કરી; તેમની રજા લઈ બીજા મઠમાં ગયો.

સર્જિયસના જીવનમાં પાટનગરની બાજુના મઠમાં બદલી થઈ એ અગત્યની ઘટના હતી. ત્યાં અત્યંત પ્રલોભનો જાગૃત થયાં અને તેણે ઉત્પન્ન કરેલા મંથનને પહોંચી વળવાને પોતાની આત્મશક્તિને એકાગ્ર કરવી પડી. પહેલાં જે મઠમાં રહેતો હતો ત્યાં સ્ત્રીઓ એને કંઇ કસોટી જેમ નહિ લાગેલી. પણ અહીં તો ખાસ પ્રલોભને પોતાનો પ્રભાવ ઠીક ઠીક ફેલાવ્યો અને હવે તો મુકરર સ્વરૂપ ધારણ કર્યું હતું.

એક બાઈ જે પોતાની હલકી વર્તણુંક માટે મશહુર હતી તેણે એનો આશ્રય મેળવવા પ્રયત્ન કર્યો. તેણે સર્જિયસ સાથે વાતચીત કરી અને પોતાને બોલાવવાનું પણ કહ્યું. સર્જિયસે કડકાઇભર્યો નકાર વાળ્યો, પણ પોતાનો આવો મક્કમ વિચાર જોઇ તે હેબતાઈ ગયો. તેનામાં એટલો બધો ખળભળાટ થયો કે તેણે તેના ઉપરીને લખ્યું. વધારેમાં નમ્રતા ખાતર પોતાની શરમ પર જીત મેળવી તેણે એક યુવાન ઉમેદવારને બોલાવી પોતાની નબળાઇની કબુલત કરી. તેણે તેને પોતાના ઉપર નજર રાખવાનું અને પોતાને પૂજામાં કે તપશ્ચર્યા કરવા સિવાય બીજા કોઈપણ કામમાં જતો રોકવા આજીજીપૂર્વક વિનતિ કરી.

વધારેમાં તે મઠનો પાદરી દુનિયાદારીનો માણસ હોઇ દુનિયાના રસ્તાઓનો ભોમિયો હતો અને દેવળમાં રહ્યે રહ્યે તે પોતાની કારકીર્દિ ઘડી રહ્યો હતો. તેની સાથેના વિરોધને

પરિણામે તેને ઘણું સહન કરવું પડયું. ઘણું ય મન માર્યા છતાં સર્જિયસ તેના તરફ પ્રેમ ધરાવી શક્યો નહિ. આમ તેને તે આજ્ઞાંકિત લાગતો પણ અંદર તો અહર્નિશ તેની ટીકા જ કર્યા કરતો. આખરે, બે એક વર્ષ ત્યાં રહ્યો ત્યારે તેનો ખરેખરો ભાવ બહાર નીકળી આવ્યો.

કુમારી મેરીના પરાર્થ પ્રાર્થનાના ઉત્સવના દિવસે દેવળમાં જ સાયંપ્રાર્થના કરવામાં આવી. આજુબાજુ ઘણા ભાવિકો ત્યાં હાજરી આપતા અને ખાસ પાદરી જાતે પ્રાર્થના કરાવતો. સાધુ સર્જિયસ પોતાની હરહંમેશની જગ્યાએ ઉભો હતો અને પ્રાર્થના કરતો હતો. એટલે કે મઠમાં જ્યારે પ્રાર્થના ચાલતી ત્યારે અંતરના દ્વન્દ્વયુદ્ધમાં મશગુલ થતો.

મંથનનું કારણ જમા થએલા સુંદર લોકો અને ખાસ કરીને સ્ત્રીઓ હતી. આજુબાજુ શું ચાલી રહ્યું છે તે તરફ લક્ષ્ય ન દેવાનો તેણે પ્રયત્ન કર્યો. ત્યાં એક સિપાઇ, અચ્છા લેબાસમાં આવેલા લોકોને સગવડ કરી દેવા સાધારણ જનતાને ત્યાં જમા થએલી સ્ત્રીઓ જે કેટલાક સાધુઓ તરફ અને ખાસ કરીને તેના અને એક બીજો સાધુ જે દેખાવડો હતો તે તરફ આંગળી ચીંધતી હતી તેમની દરકાર કર્યા સિવાય બધાંયને ધક્કા મારતો તે તેનાથી સહ્યું ન ગયું, ઘોડી પરની મીણબત્તીઓ, પવિત્ર મૂર્તિઓ અને ધર્મોપદેશકો સિવાય કંઇ ન જોવા તેણે પોતાનું ચિત્ત એકાગ્ર કરવા પ્રયત્ન કર્યો. જે પ્રાર્થનાઓ બોલવામાં અને ગાવામાં આવતી તે સિવાય કંઇ ન સાંભળવા અને પોતાની ફરજ અદા કરતાં પોતાનું વિસ્મરણ થાય એ સિવાય બીજી કોઇ લાગણી ન થાય એમ પ્રયત્ન કરવા લાગ્યો. જ્યારે તે પ્રાર્થનાને શ્રવણ કરતો ત્યારે આવો જ અનુભવ તેને થતો અને જે પ્રાર્થનાઓ તેણે

હરઘડીએ સાંભળેલી તે બોલાતા પહેલાં તેના મનમાં રમી રહેતી હતી.

શાન્તિ અને શુભસૂચક (ક્રૉસનું) ચિહ્‌ન કર્યું, સાષ્ટાંગ પ્રણામ કર્યા, અંદર મંથન ચલાવતો, ઘડીકમાં તદ્દન તિરસ્કારતો, અને પોતાના વિચાર અને ભાવો જે જાતે ઉત્પન્ન કરેલા તેનો વિનાશ કરતો તે ઉભો થયો.

મઠમાં એક ખજાનચી રહેતો હતો. તે પાદરીની ખૂબ ખુશામત ને હાજી હા કરતો તેથી સર્જિયસ તેના તરફ કપ-કાની આંખથી જોતો. તે અત્યારે તેની સામે આવ્યો અને એકનો બે થઇ ગયો હોય તેમ નીચા વળી નમન કર્યું અને સર્જિયસને ધર્મોપદેશકે બહાર પવિત્ર દ્વાર આગળ મળવા જવાની વિનંતિ કરી છે એમ કહ્યું. તેણે પોતાનો ઝભ્ભો ઠીકઠાક કર્યો. માથે ઓઢયું અને કાળજીપૂર્વક ટોળામાંથી બહાર નીકળ્યો.

તેણે કોઇ સ્ત્રીને બોલતી સાંભળી.

તેણે જાણ્યું કે તેઓ તેના સંબંધી વાતચીત કરે છે. જ્યારે તેને કંઇ પ્રલોભન જેવું જણાતું ત્યારે તેને "અમને પ્રલોભનો તરફ મા દોરજે" એમ કહી પ્રાર્થના કરવાની ટેવ હતી. આંખો નમાવીને તેમ જ માથું નીચું ઘાલીને, ઘોડીની આગળની ધર્મપોથીઓ વટાવી ઉતરાતે બારણે થઇને પાછળ પવિત્ર દ્વારે જઈ પહોંચ્યો. રૂઢિ અનુસાર તેણે શુભ અને શાન્તિ-સૂચક (ક્રૉસનું) ચિહ્ન કર્યું અને બેવડ વળી જઇને પ્રણામ કર્યા. તેણે આંખો ઉંચી કરી પાદરી તરફ જોયું. તેને અને તેની પાસે ભપકાભરી રીતે ઉભા રહેલા બીજા કોઇને તેણે ત્રાંસી નજરથી જોયા હતા.

ધર્મોપદેશક પોતાના પોષાકમાં ભીંતને અઢેલીને ઉભો હતો.

તેણે ઝભ્ભા તળેથી પોતાના જાડા અને ટુંકા હાથ કાઢી મોટા પેટ પર મુકયા. તેના પર ભરેલી ગૂંથણી તરફ અંગુલી નિર્દેશ કરી શાહી સરદારના પોષાકમાં સજ્જ થએલા માણસ સાથે વાત કરતાં કરતાં તે હસતો હતો. તેના પોષાક પરનાં રાજચિહ્ન અને પટા સર્જિયસની ટેવાયલી લશ્કરી આંખે ઓળખ્યાં. પહેલાં તે તેની ટુકડીનો સરદાર હતો પણ અત્યારે તે મોટા હોદ્દા પર હતો એમ દેખાતું. સાધુ સર્જિયસને માલમ પડયું કે ધર્મો-પદેશક આથી જ્ઞાત છે. અને તે એટલો બધો ખુશી થયો હતો કે તેનો રતુમડો જાડો ચ્હેરો અને તાલીયું માથું સંતોષના આવેશમાં ચળકી રહ્યાં હતાં, સાધુ સર્જિયસને આથી દુ:ખ થયું અને કંટાળો ઉપજ્યો અને જ્યારે તે ધર્મોપદેશકે તેને તે અમલદારને પોતાના એક મશહુર 'સહાધ્યાયી' ને જોવા હતો અને તેટલા જ કારણથી તેને બોલાવેલો હતો એમ કહ્યું ત્યારે તેને વધારે લાગી આવ્યું.

"હું તમને આ ફિરસ્તા શા રૂપમાં જોઈ આનંદ પામું છું," તે સરદારે પોતાનો હાથ આગળ ધરીને કહ્યું "મને આશા છે કે તમે આ તમારા જુના ભાઇબંધને ભૂલી તો નહિ ગયા હો."

આખા વાતાવરણે—સરદારના શબ્દોને અનુમતિ આપતો હોય એમ ચોખ્ખો લાગતો, ધોળી દાઢી પરનો ધર્મોપદેશકનો લાલ અને ખુશમિજાજ ચ્હેરો અને સરદારનો આત્મસંતોષી હાસ્ય સાથેનો સ્વચ્છ ચ્હેરો, તેના શ્વાસમાં મારતી દારૂની દુર્ગંધ અને તેની મૂછોમાંથી આવતી બીડીની ગંધ, એમ સહુએ—સર્જિયસનો પિત્તો ઉછાળી મૂકયો.

એકવાર ફરીથી તેણે ધર્મોપદેશકને નમન કર્યું અને પૂછયું, "આપે મને અહીં બોલાવવાની કૃપા—" તે થોભ્યો અને

પોતાના ચ્હેરાના અને આંખના ભાવથી જ જાણે પૂછ્યું કે "શા માટે કરી ?"

ધર્મોપદેશકે કહ્યું. "હા, સરદારને મળવા સારૂ."

"મેં મારી જાતને પ્રલોભનોથી બચાવવા સારુ દુનિયાનો ત્યાગ કર્યો," તે ફિક્કો પડી ગયો હતો અને તેના હોઠ ધ્રૂજતા હતા.

"તો આપ શા સારુ મને દેવમંદિરેથી પ્રાર્થનાના સમયે આમ બોલાવી તેના–પ્રલોભનો–આગળ રજુ કરો છો ?"

"જા, જા ! જતો રહે !" ધર્મોપદેશકે ઘુરકતાં, ગુસ્સાના આવેશમાં કહ્યું.

બીજે દિવસે સર્જિયસે ધર્મોપદેશકની અને બીજા ભાઈઓની પોતાના અભિમાન બદલ માફી માગી. પણ સાયં પ્રાર્થના બાદ તરત જ તેણે નિશ્ચય કર્યો કે એ મઠ છોડવો એ જ સલાહ ભરેલું છે અને તેથી તેણે પોતાના ઉપરીને તેના મઠમાં જવાની પોતાને રજાની મંજુરી આપવા આજીજી ભર્યો પત્ર લખ્યો. તેણે પોતાની નબળાઈ વિષે અને પોતે એકલો તેમની મદદ સિવાય પ્રલોભનો સામે ટક્કર ઝીલવાને અશક્તિમાન છે એમ ઉલ્લેખ કર્યો. પોતાના અભિમાનના પાપનું તેણે પ્રાયશ્ચિત કર્યું. વળતી ટપાલે તેના ઉપરીનો પત્ર આવ્યો તેમાં જણાવેલું કે તમારા આ સર્વ દુઃખનું મૂળ અહંકાર છે. તે વૃદ્ધ પુરુષે વળી સમજાવ્યું હતું કે દરેક કાર્યકર્તાની જગ્યાઓના માનને અવગણવામાં તેણે પોતાની જાતને પ્રભુ માટે નમ્ર બનાવી ન હતી, પણ અહંકારને લીધે તેમ કરેલું—ખાસ પોતાની જાતને એટલું કહેવડાવવા કે "હું કશામાં પણ આસક્તિ ન ધરાવું એવો અચ્છો આદમી નથી ?" અને આ જ તેના હૃદયડીએ ચઢી વાગતા ક્રોધનું કારણ હતું. ને તેથી જ તે ધર્મોપદેશકના

કાર્યને સહન કરી શકયો નહિ “ પ્રભુ ખાતર મેં સર્વનો ત્યાગ કર્યો છે, અને હું અહીં જંગલી પશુની માફક ઉભો છું. ” “ જો તું પ્રભુની કીર્તિ ખાતર મિથ્યા ગર્વનો ત્યાગ કરીશ તો તું બધું સહન કરી શકીશ. ” તે વૃદ્ધે લખ્યું “ હજુ તારામાંથી દુન્યવી અહંકાર નીકળી ગયો નથી. ” બેટા સર્જિયસ, મને તારે વિષે વારંવાર વિચાર આવે છે. તારે માટે મેં પ્રાર્થના પણ કરી છે અને ઉપર લખ્યો તે તારે માટે દૈવી સંદેશ છે: જેમ ચાલે છે એમ ચાલવા દે અને સમર્પણ કરતાં શીખ. ”

તે સમયે ખબર મળ્યા કે એક ધાર્મિક પુરુષ જે સંન્યસ્ત જીવન ગાળતા હતા તેમણે પોતાના આશ્રમમાં દેહત્યાગ કર્યાના ખબર મળ્યા. અઢાર વર્ષ પર્યંત તેઓ ત્યાં રહ્યા હતા. તે આશ્રમનિવાસી પાદરીએ પૂછાવ્યું હતું કે ત્યાંથી કોઇ તેમની જગ્યા લેવા આવી શકશે કે કેમ.

“ તારા તે પત્રના જવાબમાં લખવાનું કે ” તે ઉપરીએ લખ્યું. “ તું—આશ્રમમાં જઇ—સાધુને મળજે. મેં તારા વિષે તેને લખ્યું છે અને તેમને કહ્યું છે કે તને તે સંન્યાસીના જ સ્થળને તારા નિવાસસ્થાન માટે કાઢી દે. હું નથી માનતો કે તું એ સંન્યાસીની જગ્યા પૂરી શકશે પણ તારા અહંકારના વિનાશાર્થે તારે એકાંતની જરુર છે અને પ્રભુ તારા એ કાર્યને આશીર્વાદ આપો એ ઇચ્છા. ”

સર્જિયસે પોતાના ઉપરીનો હુકમ માથે ચઢાવ્યો અને આવેલો પત્ર ધર્મોપદેશકને દેખાડયો અને પોતાનું સ્થાન ખાલી કરી પોતાનો બધો સામાન મઠને સ્વાધીન કરી, તેમની રજા લઇને તે આશ્રમ તરફ રવાના થયો.

તે આશ્રમનો પાદરી પહેલાં વેપારી હતો. તેણે સર્જિયસને શાન્તિપૂર્વક આવકાર આપ્યો અને તેમને એકાન્તમાં રહેવા દીધા.

એ રહેઠાણુ પર્વતમાં કોરી કાઢેલી ગુફા હતી અને ત્યાં જ એ —સંન્યાસીની દફનક્રિયા કરવામાં આવેલી. પાછળ એક ગોખમાં સંન્યાસીની કબર હતી અને આગળ ઉંઘવાની જગ્યા, નાનું મેજ અને થોડાં વચનામૃતો અને પુસ્તકો મુકેલી અભરાઇ હતાં. પેસવાનું બારણું જે બંધ થઇ શકે એમ હતું ત્યાં બીજી અભરાઈ હતી. તેની ઉપર દિવસમાં એક વાર મઠમાંથી કોઇ બંધુ આવી ખોરાક મૂકી જતો.

આમ સાધુ સર્જિયસ, અરણ્યવાસી બન્યો.

(૩)

સર્જિયસના એકાન્ત જીવનના બીજા વર્ષ દરમિયાન ધર્મોત્સવ આવ્યો. પડોશના શહેરમાંથી શ્રીમંત ઘરનાં સ્ત્રીપુરુષો ત્યાં એ ઉત્સવ ઉજવવા આવેલાં અને મિષ્ટાન્ન અને દારૂ ઉડાવ્યા બાદ તેઓ સહેલગાહે નીકળ્યાં. બે વકીલો, એક શ્રીમંત જમીનદાર એક અમલદાર અને ચાર સ્ત્રીઓની મંડળી જામી હતી. એક અમલદારની પત્ની હતી, બીજી જમીનદારની; ત્રીજી યુવતી જમીનદારની બેન હતી અને ચોથી સ્ત્રી, દેખાવડી, શ્રીમંત સ્હેજ ચસ્કેલ મગજની છુટાછેડા કરેલી સ્ત્રી હતી. તેની રીતભાતે આખા શહેરને તાજુબ કર્યું હતું અને બધાં ક્રોધની આગથી સળગી રહ્યાં હતાં.

રાત્રિ રમણીય હતી અને રસ્તા લીસા હતા. શહેરથી દસેક માઇલની સહેલ કર્યા બાદ તેમણે વિચાર કર્યો કે હવે આગળ જવું કે પાછા ફરવું.

“ પણ આ રસ્તો જાય છે ક્યાં ? ” પેલી છુટાછેડા કરેલી સ્ત્રીએ પૂછ્યું.

“—સ્થાને. હજુ બારેક માઇલ થાય. ” પેલા વકીલે સ્ત્રી સાથે નખરાં કરતાં કહ્યું.

"અને પછી ક્યાં ?"

"પછી મ—ભણી. આશ્રમની પણ પેલી બાજુ."

"હાં હાં. જ્યાં પેલો સાધુ સર્જિયસ રહે છે ત્યાં ?"

"હા."

"પેલો રૂપાળો તપસ્વી ખરું ને ?"

"હા."

"ચાલો ત્યારે ત્યાં એનાં દર્શન કરીશું અને ત્યાં—સ્થાનમાં ધામા નાખીશું."

"પણ આજ ઘેર પાછા ફરી શકાશે નહિ ?"

"ત્યારે આપણે એ સાધુની પાસે રાત ગાળીશું,"

"અલબત્ત, ત્યાં એ મઠની સાથે રહેવાની જગ્યા પણ બાંધેલી છે અને તે છે તો સરસ, હું જ્યારે—ના કેસમાં લડતો ત્યારે ત્યાં જ ઉતર્યો હતો."

"ના, હું તો સાધુના જ નિવાસસ્થાનમાં રાત્રિ ગાળીશ."

"અરે એ—ય, ત્હારી ગમે તેટલી શક્તિ માટે પણ એ શક્ય નથી."

"શક્ય નથી ? શરત મારો !"

"અચ્છા ! જો તું સાધુના નિવાસસ્થાનમાં રાત્રિ ગાળું તો તને જે ગમે તે આપીશ."

"શું ડહાપણ ?"

"યાદ રાખજે ત્હારે પણ તે જ આપવું પડશે"

"કબુલ ! ચાલો હાંકો."

ગાડીવાનને સ્હેજ દારૂ આપ્યો અને તેમણે કઠોળ, રોટી અને દારૂ ભરેલી ટોપલી ખોલી. સ્ત્રીઓએ પોતાની ચારેય બાજુએ શાલો ઓઢી દીધી. ઘોડા હાંકનારમાંથી કોણ આગળ જાય એ વિષે કલહ જામ્યો અને એક જવાન હાંકનારે હાથમાં

ચાબુક ઉંચી કરી ઘોડાઓને પડકાર્યા. ઘંટડીઓ રણકી, ગાડી સરકી અને સ્હેજ આંચકો આવ્યો. ઘોડાઓનાં પૂછડાંને પાછળ વીંઝે નહિ માટે બાંધી દીધાં હતાં અને તેની ઉપર ભરેલી જાળી નાખેલી હતી. લીસો રસ્તો જોતજોતામાં પસાર થઇ ગયો. હાંકેડુઓએ લગામ બરાબર ખેંચી ઝાલી હતી.

વકીલ અને અમલદાર જે પાછલી જગ્યામાં બેઠા હતા તેમણે પેલી સ્ત્રીની પાસે બેસનાર સાથે ગમે તેવી વાતો કરવા માંડી અને તે બાઈએ પોતાની શાલ બરાબર વીંટાળી, અને વિચારમાં સ્થિર બેસી રહી.

"સદાકાળની એની એ પુરાણી ચીજો—અને એની કદ્રુપતા!—તંબાકુ અને દારૂના નિશાને લીધે બનેલા ચળકતા અને લાલ ચ્હેરા, એના એ જ શબ્દો અને એ જ વિચારો, અને સદાકાળ એનો એ જ તિરસ્કાર. અને એમ બને તે જોઇ તેમને સર્વને સંતોષ ઉપજતો. મૃત્યુ સુધી તેઓ આમ જ વર્તવાના. પણ હું એમ નહિ કરી શકું કારણ તેમને વીંધી નાંખે છે. એ લોકોને ઉલટપાલટ કરી નાખે અને ધ્રુજાવી મૂકે એવું મારે કંઈ કરવું છે. આખરે અમે થીજીને મરી પણ જઇએ. આ લોકો શું કરશે? એ કેવું વર્તન ચલાવશે? અતિ નિંદ્ય. દરેક પોતાના સિવાય કોઇનો વિચાર કરશે નહિ, અને હું પણ એમ જ વર્તું, પણ મ્હારી પાસે તો રૂપ છે—એ કંઈક તો છે. તેઓ જાણે છે. ઠીક, અને પેલો સાધુ—જો એ રૂપ તરફ બેદરકાર હોય તો આશ્ચર્યજનક કહેવાય. ના, ના. એ બધા એની દરકાર કરે છે, ગઇ વસંત ઋતુમાં પેલા લશ્કરી અમલદારની પેઠ. અને એ કેવો બેવકુફ હતો!"

"એ ભાઇ," તેણે કહ્યું.

"જી." તેણે જવાબ આપ્યો.

"તેની ઉંમર કેટલી છે?"

"કોની?"

"કેમ, પેલો સાધુ."

"મને લાગે છે કે, ચાલીશ ઉપર."

"તે કોઇને મળે છે ખરો? તે દરેકને મળે છે?"

"દરેકને પણ હંમેશ નહિ."

"મારા પગ ઢાંકોને. એમ નહિ—તમે કેવા હેવાન છો! હા. એમ. પણ એનો નીચોડ કાઢવાની જરુર નથી."

આમ જ્યાં ગુફા હતી તે અરણ્યમાં તેઓ આવ્યાં.

તે ગાડીમાંથી ઉતરી અને તેમને. આગળ હંકારી જવા કહ્યું. તેમણે તેને વારવાનો પ્રયત્ન કર્યો પણ તે. ચીઢાઇ અને તેમને હાંકી મુકવાનો હુકમ કર્યો.

સાધુ સર્જિયસ હવે ઓગણપચાસ વર્ષનો હતો. તેનું એકાંત જીવન ઘણું કડક હતું: ઉપવાસ અને પ્રાર્થનાને લીધે નહિ—તે તો તેણે સ્હેલાઇથી સહન કર્યાં—પણ એ આંતર મંથનનું પરિણામ હતું જે વિષે તેણે આગાહી કરેલી નહિ. આ મન્થનનાં બે કારણ હતાં: તેની ધાર્મિક આશંકાઓ અને વાસનાનાં પ્રલોભનો. આ બન્ને તેને જુદા જુદા સેતાન લાગતા પણ એકના એક જ હતા. તેની આશંકાઓનું જ્યારે સમાધાન થયું ત્યારે તેનો કામ પણ અદ્દશ્ય થયો. પણ આ બન્નેને જુદા જુદા સેતાન ધારી તેમની સાથે જુદો જુદો તે લડયો. જ્યારે તે બન્નેએ તેની ઉપર એક સામટો હલ્લો કર્યો.

"ઓ મારા પ્રભુ! મારા પરમાત્મા!" તે રડી પડયો, તું શા માટે મને શ્રદ્ધાનું દાન નથી દેતો? અલબત્ત મારામાં કામવિકાર છે, પણ મોટા સંતમહંતોને પણ એની સાથે દારુણ યુદ્ધ થએલાં. પણ તેમની પાસે શ્રદ્ધા હતી! એવી પળો, કલાકો અને દિવસો આવે છે જ્યારે તેનું મારામાં અસ્તિત્વ

હોતું નથી. જો તે પાપ હોય તો દુનિયા શા માટે તેમાંથી આનંદ લે છે અને છતાં પણ ટકી રહી છે? અમારે એનો શા માટે ત્યાગ કરવો? તેં શા માટે આવા પ્રલોભનને જન્મ આપ્યો? પ્રલોભન? દુન્યવી આનંદોનો ત્યાગ કરવો અને જ્યાં કંઈ જ છે નહિ અને હોઇ શકે નહિ એવી જિંદગી માટે તૈયારી કરવી એ કંઇ પ્રલોભન નથી?" આમ સ્વગત વિચાર આવતાં તે ધ્રૂજી ઉઠયો અને પોતાના તરફ તેને ધિક્કાર છુટયો. "કુટિલ! અને તું સાધુ હોવાનો વિચાર કરે છે કેમ!" તેણે વિચાર્યું.

તે પ્રાર્થના કરવાં ઉઠયો. જ્યારે તેણે પ્રાર્થના કરવી શરુ કરી ત્યારે તેણે આશ્રમમાં જે લેબાસમાં પોતે રહેતો હતો, તેના પૂરા ભપકામાં પોતાની જાતને જોઇ, અને પોતાનું માથું ધુણાવ્યું.

"ના, તે એમ નથી. તે અસત્ય છે. હું સારી દુનિયાને છેતરૂં પણ મારી જાતને અને પરમાત્માને નહિ. હું ક્ષુદ્ર છું, દયાને પાત્ર છું," આમ કહી તેણે પોતાના ઝબ્ભાના છેડા દૂર કર્યા અને તેના નીચેના લુગડામાં તેના સૂકાઈ ગએલા પગ જોયા.

પોતાનો ઝબ્ભો પાછો ઢાંકી દીધો અને ક્રૉસનું ચિહ્ન કરતો અને સાષ્ટાંગ પ્રણામ કરતો પ્રાર્થના કરવા લાગ્યો.

"શું મારી શય્યા એ જ મારી શબવાહિની થશે?" તેણે વાંચ્યું; અને જાણે કોઈ દાનવ તેને કાનમાં કહેતો હોય તેમ તેણે સાંભળ્યું; "એકાન્ત શય્યા પણ કફન છે"

"તે અસત્ય છે!" અને તેણે એક વિધવા કે જે પોતાની સ્ત્રી હતી તેના ખભા કલ્પના પ્રદેશમાં જોયા. તે ધ્રૂજ્યો અને વાંચવાનું જારી રાખ્યું. બોધવચનો વાંચ્યા પછી તે સુવાર્તા

વાંચવા લાગ્યો. તેણે પુસ્તકમાંથી એક ફકરો કાઢ્યો કે જેને તે વારંવાર વાંચતો ને જે હવે મોંઢે ચઢી ગયો હતો.

"પરમાત્મન્, મને શ્રદ્ધા છે. મને અશ્રદ્ધામાંથી આપ બચાવો."

ઉઠેલી શંકાઓનો તેણે નાશ કર્યો. જેમ કોઇ ત્રાજવાંને હરકત કર્યા સિવાય અંદરની ચીજો ખસેડે છે તેમ તેણે સાવચેતીથી શ્રદ્ધાને તેની પૂર્વસ્થિતિમાં ગોઠવી, તેનું (ત્રાજવાની ઘોડી) તળીઉં સ્હેજ ધ્રૂજ્યું અને સાવચેતીપૂર્વક તેને અડયા સિવાય કે ઉધુંછતું કર્યા સિવાય પાછો ફર્યો. ફરીથી તેણે પોતાની સર્વ શક્તિઓને એકાગ્ર કરી, મનની 'શાન્તિ પાછી મેળવી અને "હે પ્રભુ! મને લઇ લે, લઈ લે!" એમ બાલીશ પ્રાર્થના કરતાં તેને સારું લાગ્યું, એટલું નહિ પણ આનંદિત થયો અને તેને રોમ રોમ હર્ષ વ્યાપી ગયો. તેણે ક્રૉસનું શુભ અને શાન્તિસૂચક ચિહ્ન કર્યું અને ઉનાળામાં પહેરવાનો હલકો ઝભ્ભો માથા નીચે મૂકી તે એક સાંકડા બાંકડા પર ઉંઘવાને સૂતો. તેણે ઉંઘવાનો વિચાર એકદમ છોડી દીધો. તેની આછેરી નીંદરમાં તેણે નાનકડી ઘંટડીઓનો રણકાર સાંભળ્યો. પોતે સ્વપ્નાવસ્થામાં છે કે જાગૃતાવસ્થામાં તેની તેને સમજણ ન પડી. પણ બારણા પરના અવાજે તેને જાગૃત કર્યો. તે પોતાની ઇંદ્રિયો પર અવિશ્વાસ લાવતો, પથારીમાં બેઠો થયો. ફરીથી બારણા ઉપર કોઇએ ટકોરો માર્યો. હા, તે નજદીક આવતો હતો—અરે પોતાના બારણા આગળ જ હતો—અને તે પછી કોઈ સ્ત્રીનો અવાજ આવ્યો.

"મારા પ્રભુ! મેં સંતમહંતોના જીવનમાં વાંચ્યું છે કે સેતાન સ્ત્રીનું રૂપ લે છે એ ખરી વાત હશે? હા—તે સ્ત્રીનો અવાજ છે! એવો ભીરુ—એવો મીઠો—એવો કોમળ!"

અને તે દેવની આણ દઇ તેને હાંકી કાઢવા લાગ્યો. "ના, એ તો કલ્પનામાત્ર છે!" અને તે જ્યાં પ્રતિમા હતી ત્યાં ખૂણામાં ગયો અને નિયમિત અને હંમેશની ટેવ પ્રમાણે ઘૂંટણીએ પડ્યો. એ હલનચલને જ તેને આશ્વાસન અને આનન્દ આપ્યો. તે નીચો નમ્યો અને તેના વાળ ચ્હેરા ઉપર આવ્યા અને પોતાનું કપાળ તેણે ભેજવાળી અને ઠંડી જમીન પર દબાવ્યું. ત્યાં તેને ખેંચાણ લાગ્યું. વૃદ્ધ સંન્યાસીએ તેને અમુક પ્રાર્થના વાંચવાથી સેતાનના હલ્લામાંથી બચી જવાય એમ કહેલું, તેને તે વાંચવા લાગ્યો. તેના મજબુત અવયવો પર તેની હલકી અને પાતળી આકૃતિ ચાલી અને તેણે પ્રાર્થના વાંચવા જવાનો નિરધાર કર્યો. પણ તેણે વાંચ્યું નહિ. અનિચ્છાએ તે ધ્યાન દઇને સાંભળવા લાગ્યો. તેને કંઇક વધારે સાંભળવું હતું.

સર્વ નિરવ હતું. છાપરાના ખુણામાંથી એ જ નિયમિત ટીપાં નીચે મુકેલા વાસણમાં ટપકવા લાગ્યાં. બારણે ધુમસ વરસતો હતો અને ઝાકળમાં બરફ અદશ્ય થયો હતો. બધે શાન્તિ પથરાઈ ગઇ હતી. એકદમ બારી આગળ કંઇક ખખડાટ થયો અને એક સ્પષ્ટ અવાજ જે પહેલાના જેવો જ બીરુ, અને કોમળ હતો અને જે રમણીના કંઠનો જ હોઈ શકે, તે સંભળાયો—

"ખુદાની ખાતર મને અંદર આવવા દો."

બધું લોહી તેના હૃદય તરફ ધસ્યું અને ત્યાં જ થંભી ગયું. તે શ્વાસ પણ લઇ શક્યો નહિ.

"પ્રભુનાં દર્શન થાવ અને તેના શત્રુઓનો નાશ થાવ."

"પણ હું કાંઇ રાક્ષસ નથી!" તે સાંભળી શક્યો નહિ કે એ શબ્દો કોઇ હસમુખા ઓઠમાંથી આવતા હતા. "હું

કાંઇ રાક્ષસ નથી. વાસ્તવિક રીતે કહો કે અલંકારિક રીતે કહો પણ હું એક કુલટા સ્ત્રી છું. રસ્તો ભૂલી પડી છું." (તે હસવા લાગી.) "હું હરી ગઇ છું અને આશ્રય આપવા યાચના કરૂં છું."

પોતે બારીની નજદીક ગયો. નાના દીવાના અજવાળાનું કાચમાં પ્રતિબિંબ પડતું હતું. તે પોતાના હાથ ચ્હેરા પર મુકી તેની આરપાર જોવા લાગ્યો. ધુમસ, ઝાકળ, અંધકાર, વૃક્ષ, અને—જમણી બાજુએ—સફેદ શાલ ઓઢેલી, ગરમ રૂંવાટીવાળી ટોપી પહેરેલી અને મોહજનક, નમ્ર અને ભયભીત ચ્હેરાવાળી સ્ત્રી તેના તરફ ઢળતી બેએક ઈંચ છેટે ઉભેલી છે. બન્નેની આંખે આંખ મળી અને તેઓએ એકબીજાને ઓળખ્યાં—નહિ કે તેઓએ પહેલાં કદી એક બીજાને જોએલાં. તેઓ કદી મળેલાં જ નહિ. પણ એ નજરની આપલેમાં જ તેઓને—અને ખાસ કરીને સાધુને—લાગ્યું કે તેઓએ એક બીજાને ઓળખ્યાં હોય એમ સમજાયું.

આમ દષ્ટોદષ્ટ મળ્યા પછી હવે તે શી રીતે શંકા લાવી શકે કે તે મીઠી, બીરુ અને ભયભીત સ્ત્રી એ કોઈ રાક્ષસ હશે!

"કોણ છો તમે? શા માટે આવવું થયું છે?" તેણે પૂછ્યું.

"હું કહું છું કે બારણું ખોલો," તેણે સ્વચ્છંદતા ભરેલી સત્તાપૂર્વક કહ્યું, હું કહું છું કે હું રસ્તો ભૂલી પડી છું.

"પણ હું તો સાધુ છું, વનવાસી છું."

"એક વખત બારણું ખોલો, તમારે પ્રાર્થના કરવી છે અને મને શું અહીં થીજી મરવા દેવી છે?"

"પણ કેવી રીતે—"

"હું કાંઈ તમને ભરખવાની નથી. પ્રભુની ખાતર મને અંદર આવવા દો! હું તદ્દન થીજી ગઈ છું."

તે ખરેખર ભયત્રસ્ત થએલી લાગવા માંડી અને સજળ નેત્રે બોલવા લાગી.

તે ઓરડીમાં પાછો હઠયો અને પ્રભુના કાંટાળા મુગટવાળી મૂર્તિ તરફ તેણે જોયું—

"પ્રભુ મને મદદ કરો—મદદ કરો હે ઇશ્વર!" તેણે ક્રૉસનું શુભ અને શાન્તિસૂચક ચિહ્ન કરતાં અને નીચા નમતાં કહ્યું. બારણું જે એક પડાળી તરફ ઉઘડતું હતું તેની નજદીક ગયો અને તે ઉઘાડવા ઉલાળો શોધવા લાગ્યો. બહાર પગલાંનો અવાજ સંભળાયો. તે બારી આગળથી બારણા તરફ જતી હતી.

"અરે!" તેણે તેને બોલતી સાંભળી, અને તેને ખબર પડી કે તેનો પગ, બહાર વરસાદને લીધે થએલા કાદવમાં પડયો. તેના હાથ ધ્રૂજ્યા અને તે સ્હેજ સખત વસાએલા ઉલાળાને ખસેડી શકયો નહિ.

"ઠીક, તમે મને અંદર નથી આવવા દેતા? હું તદ્દન ભીંજાઈ ગઇ છું અને ઠરી પણ ગઇ છું. હું જ્યારે બારણે થીજી મરૂં છું ત્યારે તમે તમારા આત્માનું રક્ષણ કરવામાં ગૂંથાએલા છો!"

ઉલાળો ખસેડવા તેણે પોતા તરફ બારણાને આંચકો માર્યો અને કંઇ સમજણ ન પડવાથી તેણે બારણું એવા જોરથી ઉઘાડયું કે તે બાઇને અથડાયું.

"અરે, માફ કરજો!" પહેલાં સ્ત્રીઓ સાથે બોલતો હતો તેવા અવાજે તે એકદમ બોલ્યો.

"માફ કરજો" એ શબ્દો સાંભળી તે હસી પડી. "અરે હા, એ કંઇ એટલો બધો ભયંકર લાગતો નથી," તેણે વિચાર્યું.

"કંઈ નહિ, તમારે જ મને માફી આપવાની છે," તેણે તેની નજદીક થઈ પસાર થતાં કહ્યું. "મેં આમ સાહસ ન કર્યું હોત પણ આવો અસાધારણ સંજોગ—"

"તમને ગમે તો," તેને માટે રસ્તો કરી આપતાં સાધુએ કહ્યું.

કેટલાય દિવસ થયાં તેણે સૂંઘી ન હતી એવી મઘમઘાટ સુગંધીથી તેને આઘાત થયો.

તે અડાળીમાં થઇને ઓરડીમાં ગઈ. તેણે ઉલાળો પાડયા સિવાય બહારનું દ્વાર વાસ્યું અને તે પાસેની ઓરડીમાં ચાલ્યો ગયો. હૃદયમાં તો નહિ પણ અનિચ્છાએ. તે હોઠ ફફડાવી વણથોભ્યે બોલવા લાગ્યો "હે પ્રભુ જીસસ ક્રાઇસ્ટ, દેવપુત્ર, મારા પર દયા રાખો, એક પાતકી–મારા પર દયા કરો, એક પાતકી છું!"

"જો તમને ગમે તો," તેણે ફરીથી તેને કહ્યું.

"આપને એકાન્તમાં ખલેલ કર્યા બદલ મને માફ કરશો," તેણે કહ્યું, "પણ આપ ધ્યાનમાં લેશો કે મારી શી સ્થિતિ છે. અને શહેરમાંથી ગાડીમાં સહેલગાહે નીકળ્યાં તેની આ મોંકાણ મંડાઈ ગઇ. મેં શરત મારી કે હું ચાલીને શહેરમાં પહોંચી જઇશ. પણ હું ભૂલી પડી. અને તેથી જ હું આપની ઝુંપડીએ આવી લાગી છું." હવે તેનાં જુઠાણાં શરુ થયાં.

સાધુના ચ્હેરાએ તેને ગભરાવી મૂકી અને હવે તે આગળ બોલી શકી નહિ. તેણે જોયેલા માણસ કરતાં અને તદ્દન જુદો જ હોવાની તે આશા રાખતી હતી. તેણે કલ્પના કરેલી તેટલો દેખાવડો તે ન હતો પણ તેને મન તે રૂપાળો તો લાગતો. તેના સ્હેજ વાંકડીઆ ભૂખરા વાળ અને દાઢી, તેનાં સુંદર અને સપ્રમાણ અંગ અને જ્યારે તે તેના તરફ દૃષ્ટિપાત કરતો

ત્યારે અંગારાશી ચળકતી તેની આંખોએ તે બાઇના મન પર ઉંડી અસર કરી. તે સમજી ગયો કે તે જુઠું બોલતી હતી.

"હા ઠીક," તેણે તે બાઈ તરફ જોઈ અને પછી આંખો નીચી ઢાળી કહ્યું. "હવે હું તો અંદર જાઉં છું અને આ જગ્યા તમે વાપરી શકો છો."

તેણે સળગતું ફાનસ ઉતારી એક મીણબત્તી ચેતાવી લીધી અને નીચા નમી નમન કરી તે બાજુના નાળીઆમાં ચાલ્યો ગયો. બાઇએ તેને કંઈક આઘુંપાછું કરતાં સાંભળ્યો.

"ઘણું કરી તે મારાથી ત્યાં એકલો રહેવા બારણું અડકાવવા મથતો લાગે છે." તેણે હસતાં હસતાં વિચાર કર્યો. સફેદ રૂંવાટીદાર ઓઢવાનું ઉતાર્યું અને હવે તે પોતાની ટોપી કાઢવા લાગી પણ તે વાળમાં અને શાલમાં ભરાઇ ગઈ હતી, બહાર તે બારી આગળ બીલકુલ ભીંજાઈ ગએલી ન હતી. એ તો તેણે અંદર દાખલ થવા પૂરતું જ બ્હાનું બતાવેલું. પણ બારણા આગળ કાદવમાં તેનો પગ તો પડેલો અને તેનો ડાબો પગ ઘુંટણ સુધી ભીંજાએલો અને એક બૂટમાં પાણી પણ પેસી ગએલું. બાંકડા પર સાદડી પાથરેલી, સાધુની પથારીમાં તે બેઠી અને બૂટ કાઢવા લાગી. નાનકડી જગ્યા તેને આનન્દમય લાગી. તે આશરે નવ ફૂટ લાંબી અને બાર ફૂટ પહોળી હતી અને કાચ જેવી સ્વચ્છ હતી. પોતે બેઠી હતી તે બાંકડો, તેની ઉપર અભરાઇ અને ખૂણામાં મૂર્તિ સિવાય ત્યાં બીજું કંઈ જ ન હતું. બારણાના ખીલા ઉપર તેનો ગરમ ઝબ્ભો ટીંગાવેલો હતો. બત્તીની બાજુમાં ક્રાઇસ્ટની કાંટાળો મુગટ પહેરેલી મૂર્તિ હતી અને ફાનસ હતું. તેલની અને જમીનની ત્યાં વિચિત્ર ગંધ આવતી હતી. તેને બધુંય પસંદ પડયું ને તે ગંધ પણ ગમી. તેના ભીંજાએલા પગથી—અને ખાસ કરીને

ડાબા પગને લીધે ઠીક ન લાગતું. હસવાનું તો ચાલુ જ હતું. તેણે બૂટ અને મોજાં ઉતારવા માંડયાં. પોતાનું ધાર્યું કર્યું તેથી એટલો આનન્દ થયો એમ નહિ પણ તેણે જોયું કે પોતાની હાજરીથી સાધુને ઠીક ઠીક કનડગત વેઠવી પડી છે. હસમુખો, અદ્દભુત, અજાણ્યો અને ચિત્તાકર્ષક એ લાગતો.

"એ જવાબ નથી આપતો એની તો કંઈ પરવા નથી," તે જાતે કહેવા લાગી. "સાધુ સર્જિયસ! એ ... ... સાધુ સર્જિયસ! — અરે હું તમને શું કહી બોલાવું?"

"તમારે જોઇએ છે શું?" એક હળવો અવાજ આવ્યો.

"કૃપા કરી, મેં તમને એકાન્તમાં ખલેલ કર્યાં તે બદ્દલ ક્ષમા આપો, પણ મારા નાખ્યા ન પહોંચ્યા ત્યારે જ મારે એમ કરવું પડયું હતું. હું બિમાર પડત. અને હજુ પણ હું માંદી પડીશ કે કેમ તે કહી શકતી નથી. હું તદ્દન ભીંજાઈ ગઇ છું અને મારા પગ તો ટાઢા હીમ જેવા થઈ ગયા છે."

"માફ કરો," શાન્ત અવાજ આવ્યો, "હું તમને કોઇ પણ રીતે સહાય કરી શકીશ નહિ."

"મારું ચાલત તો હું અહીં આવત જ નહિ. હું અહીં પરોઢીયા સુધી જ રહેવાની છું."

તેણે જવાબ ન વાળ્યો. તેણે તેને કંઇ બબડતો–પ્રાર્થના કરતો સાંભળ્યો.

"આશા રાખું છું કે તમે અહીં નહિ આવો," તેણે હસતાં હસતાં કહ્યું, "કારણ કે લુગડાં સૂકવવા મારે તે કાઢી મૂકવાં પડશે."

તેણે જવાબ ન આપ્યો. તે મક્કમપણે તેની પ્રાર્થના વાંચ્યે જ જતો હતો.

"ખરો આદમી છે," પોતાનો ભીંજાએલો બૂટ કાઢતાં

કાઢતાં તેણે વિચાર્યું. બૂટ સાથે નકામી ખેંચતાણ કરી અને હસી પડી. ન સંભળાય એવી રીતે જ તે હસી; પણ જો તે સંભળાય તેમ હસશે તો પેલા માણસ પર ધારી અસર થશે એમ વિચારી તે સંભળાય તેમ હસી. માયાળુ, આનંદી અને કુદરતી હાસ્યે ધાર્યા પ્રમાણે, પોતાની અસર જમાવી.

" હું તો આવા જ માણસ સાથે પ્રીત કરું—આવાં નયન, સાદો અને ઉમદા ચ્હેરો અને આટઆટલી પ્રાર્થના કર્યા છતાં પણ વિકારી મન ! અમને સ્ત્રીઓને એ બાબતમાં કોઇ છેતરી જાય એમ નથી. જેવો તેણે પોતાનો ચ્હેરો કાચવાળી બારી આગળ મૂક્યો કે મને જોઇ અને તે સમજી ગયો. તેનો તેની આંખમાં ચળકાટ હતો અને હંમેશનાં તેને સીલ વાગી ચૂક્યાં હતાં. ત્યારથી તે મને ચ્હાવા લાગ્યો અને મારી જ તાલાવેલી લાગી. હા, મારી જ એને જરુર છે. " છેવટે બૂટ કાઢતાં અને મોજાં સાથે માથાકૂટ કરતાં તે બોલી.

લાંબા મોજા કાઢવા માટે તેને ઉપલા લુગડાના છેડા ઉંચા ચઢાવવાની જરુર લાગી. પણ તે શરમાઇ ગઇ અને બોલી, " અંદર આવતા ના. " પણ કંઇ જવાબ મળ્યો નહિ અને તેણે તે જ બડબડાટ અને હિલચાલ સાંભળ્યાં.

" મને લાગે છે કે તે જમીન પર નીચો નમે છે, " તેણે વિચાર્યું. " પણ એથી કંઇ એનું વળવાનું નથી. હું જેમ એના વિચારો કરું છું તેમ જ એ પણ મારા વિચારો કરે છે. તે મારા આ પગ વિષે જ વિચાર કરે છે, " બીના મોજા કાઢી લઇ, પોતાના હાથની ઢીંચણોને ચૂડ ભેરવી પથારીમાં ઉઘાડપગે બેઠાં બેઠાં તેણે કહ્યું. તે ઘડીભર પોતાની સામે અનિમિષ નયને જોતી બેઠી.

" તદ્દન જંગલ છે. કોઇનેય ખબર ન પડે—"

તે નીચે ઉતરી અને મોજાને સગડી ઉપર સૂકવ્યા. તે એવી તો વિચિત્ર સૂકવવાની જગ્યા હતી! ધીમે રહીને તે પાછી પથારીમાં પોતાના પગ મૂકીને બેઠી. બીજી બાજુ તદ્દન શાન્તિ હતી. તેણે ગળામાં ઝુલતી નાની ઘડિઆળ તરફ જોયું. બે વાગેલા. “મારા સાથીઓ ત્રણેક વાગે પાછા ફરશે.” હજુ કલાક કરતાં વધારે સમય તેની પાસે હતો.

“ઠીક! શું હું આમને આમ એકલી જ અહીં બેસી રહેવાની છું? એ તો મૂર્ખાઇ ભરેલું કહેવાય! મને તો એ નથી ગમતું. હું તો એને એકદમ બોલાવીશ—સાધુ સર્જિયસ; સાધુ સર્જિયસ! એ જવાન! એ રાજકુમાર?”

જવાબ જ ન મળે.

“હું કહું છું કે એ નિર્દય કહેવાય! મારે જો જરુર ન હોત તો હું બોલાવત જ નહિ. મારી તબીયત બગડી ગઇ છે. શું થાય છે તે મને નથી સમજાતું,” જાણે વેદના થતી હોય એવા સ્વરે બોલી “અરે રે...” હાય, હાય? કહી તે પથારીમાં પડી અને વિચિત્ર ઘટના તો એ બની કે તેને પોતે બેભાન થાય છે એમ લાગવા માંડયું, દરેક અવયવમાં સણુકા આવવા લાગ્યા અને જાણે તાવથી ફફડતી ન હોય એમ લાગ્યું.

“મદદ મદદ! મને સાંભળો તો ખરા! મને શું થાય છે તે નથી સમજાતું! હાય હાય!”

તેણે વસ્ત્ર કાઢી નાખ્યાં. છાતી ઉઘાડી કરી અને કોણી સુધી હાથ ખુલ્લા કરી માથા સુધી ઉંચા કર્યા અને બોલી “અરે રે—”

આ બધો વખત તે બીજી બાજુ ઉભો ઉભો પ્રાર્થના કરતો હતો.

સાયં પ્રાર્થના પૂરી કરી તે પોતાની દૃષ્ટિ નાસિકાગ્રે રાખી સ્થિર ઉભો રહ્યો અને અંતરમાં બધું આત્મિક બળ એકઠું કરી પ્રાર્થના કરવા લાગ્યો, " હે પરમાત્મન્! હે ઇશ્વર! મારા પર દયા ભાવ રાખજે."

તેણે બધું સાંભળ્યું હતું. જ્યારે તેણે રેશમી વસ્ત્રો કાઢયાં ત્યારે થએલો અવાજ પણ તેણે સાંભળ્યો હતો અને તે ઉઘાડા પગે જમીન પર ચાલી તે પણ તેની જાણ બહાર ન હતું. તેણે તેના હાથ પગ કેવી રીતે ધ્રસ્યા તે પણ જાણ્યું. તેને પોતાનામાં નબળાંઇ આવતી જણાઇ અને કોઈ પણ પળે તેનો અંત આવશે એમ તેને લાગ્યું. તેથી તેણે નિરંતર પ્રાર્થના જારી રાખી હતી. પરીઓની વાતમાં આવતા નાયક જેવી એની લાગણી હતી કે જેમાં આગળ ને આગળ પાછું વાળી જોયા સિવાય ચાલ ચાલ કરવું પડતું. સર્જિયસે સાંભળ્યું અને તેને લાગ્યું કે ભય માથા ઉપર ઝઝુમી રહ્યો છે, તેની ચારે બાજુ પ્રસરી રહ્યો છે અને તેમાંથી છુટકારો મેળવવાને તે તરફ દૃષ્ટિ ન ફેંકવી જ એ એક માત્ર ઉપાય હતો. એકદમ તેને મળવાની ઇચ્છા થઇ આવી, અને તે જ પળે તે બોલી " હવે તો આ રાક્ષસી કહેવાય! હું મરી જઇશ!"

" હા, હું આવું છું—પણ હું પેલા સંતપુરુષની માફક કરીશ. તેણે એક હાથ કુલટા પર મુકયો હતો અને બીજો ધગધગતા અંગારા પર."

પણ ત્યાં ધગધગતા અંગારા ન હતા. તેણે ચારેય બાજુ જોયું. ફાનસ! ફાનસ!

જ્યોત પર આંગળી ધરીને તે ધ્રૂજયો. સહન કરવાને તૈયાર થયો. પહેલાં તો કંઇ અસર ન જણાઈ. પણ એકદમ તેણે હજુ કેટલી ઇજા થઈ કે થશે તેનો વિચાર પણ કર્યો ન

હતો ત્યાં તો મોં કરમાઇ ગયું અને આચકો મારી તેણે હાથ ખેંચી લીધો.

"ના, મારાથી એ નહિ બને."

"અરે પ્રભુની ખાતર આવો ! હું મરી રહી છું ! હાય હાય !"

"શું મારે નાશ પામવું રહ્યું ? ના ! હું હમણાં જ આવી પહોંચું છું." બારણું ઉઘાડતાં તેણે કહ્યું. અને તેના તરફ જોયા સિવાય તે બીજી બાજુ નવેળીઆમાં ઓરડીમાં પસાર થઈને ગયો. તે લાકડાં ચીરવાની જગ્યા હતી. લાકડાનું ઢીમચું અને કુહાડી જે ભીંતને અઢેલીને પડેલાં હતાં તે ખોળવા લાગ્યો.

"હવે !" કહી તેણે જમણા હાથે કુહાડી લીધી અને ડાબા હાથની આંગળી પેલા ઢીંમચા પર મૂકી. તેણે કુહાડી ઉંચકી અને આંગળીના બીજા સાંધા પર ઘા કર્યો, લાકડા કરતાં તે હળવી રીતે ઉડી પડી અને ત્યાંથી ઢીંમચાની ધાર પર અથડાઇ તે જમીન પર પડી. તેને દરદ થાય તે પહેલાં સર્જિયસે અવાજ સાંભળ્યો અને તેને ચેતન આવે તે પહેલાં તો બળતરા અને ગરમ લોહી જે વહી રહ્યું હતું તે અનુભવવા લાગ્યો. તેણે કપાએલી આંગળી ઉપર પોતાના ઝબ્બાનો છેડો દાબ્યો અને તેને સાથળ પર દબાવી તે ઓરડીમાં જઇ બાઇની સામે ઉભો.

"તમારે શું જોઇએ છે ?" તેણે હળવા સ્વરે પૂછ્યું.

સર્જિયસનો ચ્હેરો ફિક્કો પડી ગયો હતો. તેના ગાલ ધ્રૂજતા હતા. બાઈ શરમાઇ ગઈ હતી. તે કૂદી અને રૂંવાટીવાળું ઓઢવાનું ખભાની ચારે બાજુ ઓઢી દીધું.

"મને કંઇ દુઃખ થાય છે—શરદી થઇ છે—હું—સાધુ સર્જિયસ—હું—"

તેણે હર્ષના શાન્ત તેજથી ચમકતી પોતાની આંખો તેના તરફ ફેરવી, અને કહ્યું:

" વ્હાલી બહેન, શા માટે તું તારો અમર આત્મા ગુમાવવા માગે છે? દુનિયામાં પ્રલોભનો આવે છે પણ જેનાથી એ પ્રલોભનો ઉત્પન્ન થાય છે તેને ધિક્કાર હોજો. પ્રાર્થના કર કે આપણને બન્નેને તે માફી આપે."

તેણે ધ્યાન દઇને સાંભળ્યું અને તેના તરફ જોવા લાગી. એકદમ તેણે કંઈક ટપકવાનો અવાજ સાંભળ્યો. તેણે ધારીને જોયું તો માલમ પડયું કે સાધુના ઝભ્ભા ઉપર હાથમાંથી લોહી ટપકતું હતું.

" તમારા હાથને તમે શું કર્યું છે?"

પહેલાં થએલો અવાજ તેને યાદ આવ્યો અને તે નાનું ફાનસ લઇને નાળીઆ તરફ દોડી. ત્યાં જમીન પર તેને લોહી-વાળી આંગળી માલમ પડી.

તે તેના કરતાં પણ વધારે ફિક્કી પડેલી પાછી ફરી અને કંઇક કહેવા માગતી હતી, પણ તે તો શાન્તિપૂર્વક પોતાના ઓરડામાં ચાલ્યો ગયો અને બારણું વાસી દીધું.

" મને માફ કરો," તે બાઇએ કહ્યું. " હું શી રીતે મારા પાપનો પસ્તાવો કરી શકીશ?"

" ચાલી જા."

" મને તમારો ઘા બાંધવા દો."

" ચાલી જા."

તેણે એકદમ પણ ધીમે રહીને પોતાનો પોષાક પહેર્યો અને શાલ ઓઢીને રાહ જોતી બેઠી.

નાનકડી ઘંટડીઓનો અવાજ બહારથી તેને કાને પડયો.

" સાધુવર, મને ક્ષમા કરો."

" જા. પ્રભુ તને માફ કરશે."

" સાધુ સર્જિયસ, હું મારું જીવન પલટી નાખીશ. મને ભૂલતા મા."

" જાવ."

" મને માફ કરો—આશીર્વાદ આપો."

તેણે બારણા પાછળથી સાંભળ્યું કે, " પ્રભુના નામે હું તને કહું છું કે તું ચાલી જા."

તે ડુસકાં ભરવા લાગી અને ઓરડીમાંથી ચાલી નીકળી.

વકીલ તેને મળવા આગળ આવ્યો.

" ઠીક," તેણે કહ્યું " મને લાગે છે કે આપણે હાર્યા. હવે એનો ઉપાય નથી. તું ક્યાં બેસીશ?"

" મને તેની ખાસ દરકાર નથી."

તેણે ગાડીમાં જગ્યા લીધી અને ઘરે પહોંચતા સુધી તેણે એક શબ્દ સરખો પણ ઉચ્ચાર્યો નહિ.

એક વર્ષ બાદ તે કોઈ મઠમાં ઉમેદવાર તરીકે દાખલ થઈ અને—સાધુના હાથ નીચે તે કડક નિયમ પાલન સાથે જીવન વ્યતીત કરવા લાગી. તે સાધુ લાંબે વખતે તેના પત્રો લખી આપતો.

(૪)

બીજાં સાત વર્ષ સુધી સાધુ સર્જિયસ સંન્યાસી જેમ રહ્યો. શરુઆતમાં તો લોકો જે કંઇ—ચા, ખાંડ, રોટી, દૂધ, લુગડાં કે બળતણ—લાવતા તે સ્વીકારતો.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તેણે હવે કઠોર જીવન જીવવા માંડયું. જે કંઇ વધારે પડતું લાગે તેને હવે સ્વીકારતો નહિ અને છેવટે અઠવાડિઆમાં એક જ વાર તે રોટલાનો અંગીકાર કરતો. લોકો તેને જે કંઇ આપી જતા તે તેને મળવા આવતા ગરીબોને વહેંચી આપતો.

તેનો બધો સમય પ્રાર્થનામાં જતો કે દિનપ્રતિદિન વધતા જતા મળવા આવનારાઓની સાથે વાતચીતમાં જતો.

વર્ષમાં ત્રણ જ વાર તે દેવળમાં જતો અને કદાચ ખપ પડે પાણી ભરવા કે બળતણ માટે બહાર નીકળતો.

તે બાઇ સાથે બનેલા બનાવ પછી તે બાઇના જીવનમાં પરિવર્તન થયું અને તેણે દિક્ષા લીધી. ત્યાર બાદ સાધુ સર્જિયસની કીર્તિ ફેલાવા લાગી. લોકોનો આવર જવર ખૂબ જ વધ્યો અને સાધુઓએ પડોશમાં વસવાટ કરવા માંડયો. ત્યાં એક દેવળ અને તેની સાથે રહેવાની જગ્યા બાંધવામાં આવી. કીર્તિને વિષે જેમ બને છે તેમ અતિશયોક્તિ થવા લાગી. દૂર દૂરથી લોકો માંદા વગેરેને લઇને આવવા લાગ્યા અને તેઓ એમ માનતા કે તેના સ્પર્શથી તે બધાં સાજાં થઇ જશે.

તેના એકાન્તવાસના આઠમા વર્ષ દરમિયાન તેણે પ્રથમવાર એક જણને સાજો કર્યો. મા એના ચૌદ વર્ષના છોકરાને લઇને આવી હતી અને તેણે સર્જિયસને તેને માથે હાથ મુકવા આજીજી કરી. તેણે તેમ કર્યું અને ખરેખર છોકરો સાજો થઈ ગયો. તેને કોઇ દિવસ વિચાર સરખો પણ આવેલો નહિ કે તે આમ સાજો કરી શકે. આવા વિચારને તેણે અહંકારના પાપ તરીકે ગણી કાઢયું હોત.

પણ પેલી માતા જે પોતાના છોકરાને લઇને આવી હતી તે ઘુંટણીએ પડીને તેને વિનવણી કરતી જ રહી.

"જ્યારે તે બીજા લોકોને સાજા કરે છે ત્યારે શા માટે મારા છોકરાને નહિ સાજો કરે ?" તેણે કહ્યું અને પ્રભુના નામે તેમ કરવા તેને વિનવ્યા કર્યો.

જ્યારે સર્જિયસે કહ્યું કે એ તો પ્રભુ એકલા જ સુવાણ કરી શકે, ત્યારે તે માતા બોલી કે હું તો છોકરાના માથા પર હાથ મુકી તમે પ્રાર્થના કરો એટલું જ માગું છું.

સાધુ સર્જિયસે ના પાડી અને પોતાની ઓરડીમાં ચાલ્યો ગયો. પણ બીજી સ્હવારે—આ બનાવ પાનખર ઋતુમાં બનેલો અને રાત્રિઓ અતિશય ઠંડી પસાર થતી—જ્યારે તે ઓરડીમાંથી પાણી ભરવા બહાર આવ્યો ત્યારે તે જ માતાને તે જ ચૌદ વર્ષનો છોકરો જોયાં અને એ જ કાલાવાલા તેણે સાંભળ્યા.

સર્જિયસને એક ધાર્મિક ન્યાયાધીશની વાત યાદ આવી. આમ ન કરવું એમ પોતાને લાગતું હોવા છતાં તેણે પ્રાર્થના શરુ કરી અને તેનો આત્મા તે કાર્ય માટે કૃતનિશ્ચય થયો ત્યાં સુધી જારી રાખી. એનો મત એવો થયો કે તેણે બાઈની અરજને સ્વીકારવી અને તેની (માતાની) શ્રદ્ધા જ એ બાળકને બચાવવા પૂરતી બસ હતી. પોતાની જાતને તો પ્રભુએ એક ક્ષુદ્ર હથિયાર બનાવ્યું છે એમ તે માનતો.

માતાની આજીજીને તેણે નમતું આપ્યું, અને છોકરાના માથા પર હાથ મૂકી પ્રાર્થના કરી.

માતા પુત્રને લઇને વિદાય થઇ. એક માસમાં તો છોકરો સાજો થઈ ગયો અને ‘ વૃદ્ધ સાધુ સર્જિયસ ’ની સાજા કરવાની કીર્તિ ચારે કોર પ્રસરવા લાગી. ત્યાર પછી એક પણ અઠવાડિયું એવું ન ગયું જ્યારે માંદા માણસો આવતા ન હોય.

થોડા માણસોની પ્રાર્થના માન્ય રાખતાં તે બીજા કેટલાકને અવગણી શકતો નહિ અને આમ આશીર્વાદ આપી પ્રાર્થના કરતો. ઘણાંખરાંને સુવાણ થતું અને આમ એની કીર્તિ ચારેય બાજુ વધારે ને વધારે પ્રસરવા લાગી.

આમ સાતેક વર્ષ મઠમાં અને કેટલાંક વર્ષ આશ્રમમાં ગાળ્યા બાદ હવે તે વૃદ્ધ માણસ જેવો દેખાતો હતો. હવે તેને લાંબી ભૂખરી દાઢી વધી હતી અને વાળ પણ આછા જ ઉગતા હતા.

(૫)

છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી તેના મનમાં એક નિષ્ઠુર વિચારે ઘર કર્યું હતું, કે મંદિરોના મહંતો અને ધર્મોપદેશકોએ જે કંઇ ધારાધોરણ ઘડયા હોય અને જેમાં પોતાનો કંઈ હાથ ન હોય તેને શા માટે પોતે માન્ય રાખવા.

પેલા ચૌદ વર્ષના છોકરાને સાજો કર્યા પછીની આ માનસિક સ્થિતિ હતી. તે જ વખતથી સાધુ સર્જિયસને લાગતું કે તેનું આંતર જીવન દિવસે દિવસે ને પળે પળે નાશ પામે છે અને એનું સ્થાન બાહ્ય જીવન લે છે. એમ લાગતું કે તે 'અંદરથી બહાર આવી પડયો છે. તેણે જોયું કે પોતે મળવા આવનારાઓ અને આશ્રયદાતાઓને માટે ખેંચાણરૂપ થઇ પડયો છે અને તેથી મઠના અધિકારીઓએ એવા પ્રકારની ગોઠવણી કરવા માંડી કે જેથી પોતે તેમને વધારેમાં વધારે નફો કરાવી આપે. દાખલા તરીકે પોતાનું કોઇ પણ કામ કરવાનો તેને વખત જ રહેતો નહિ. તેને જોઈતી દરેક ચીજ તેઓ પૂરી કરી આપતા પણ બદલામાં એક વસ્તુ તેની પાસે માગતા કે તેણે આશીર્વાદ લેવા આવનાર માણસોને ના ન પાડવી. એની સગવડ ખાતર હવે અમુક દિવસે દરદીઓ આવે તે મુકરર કરી આપવામાં આવ્યું. પુરુષોને માટે મળવાને સારુ એક ઓરડી બાંધવામાં આવી, અને સ્ત્રીઓને સારુ એક જગ્યાને સળીઆ નાખી આંતરી લેવામાં આવી જેથી સ્ત્રીઓ આશીર્વાદ માટે તેની ઉપર પડાપડી ન કરે.

જ્યારે તેને કહેવામાં આવતું કે માણસોને તેની જરુર છે અને પ્રભુના પ્રેમના નિયમને અનુસરતાં તે આશીર્વાદ લેનાર માણસોને ના પાડી શકે નહિ અને તેથી જ તેણે એકાન્તવાસ ભોગવવો એ નિર્દય કૃત્ય છે; ત્યારે તેમને તાબે થયા સિવાય તેને ચાલતું નહિ.

જેમ જેમ તે પોતે જાહેરમાં આવવા લાગ્યો તેમ તેમ તેને પોતાનું આંતર જીવન બહિર્જીવનમાં ફેરવાઇ ગએલું લાગ્યું. તેનામાં જીવતું પાણીનું ઝરણ હવે સૂકાતું લાગ્યું અને હવે તે જે કંઇ કાર્ય કરતો તે પ્રભુ માટે નહિ પણ મનુષ્યો માટે હતાં. તેણે જે કંઇ કર્યું હોય—પછી તે શિખામણ આપી હોય કે ફક્ત આશીર્વાદ હોય, માંદા માટે પ્રાર્થના કરી હોય કે કોઇના ચારિત્ર્ય માટે શિખામણ આપી હોય કે કોઇ માણસને મદદ કરી હોય કે સાજા કર્યા હોય (એ લોકો કહેતા હતા તે પ્રમાણે) કે ચેતવણી આપી હોય–તેનો જ્યારે તેઓ ઉપકાર માનતા ત્યારે તેને આનન્દની જે લાગણી• થઇ આવતી તેને તે ખાળી શકતો નહિ. પોતાના કાર્યનાં પરિણામ વિષે અને પોતાની કીર્તિ વિષે બેદરકાર રહી શકતો નહિ. હવે તે પોતાને તેજોમય દીપની માફક સમજવા લાગ્યો. પણ જેમ જેમ તેના મનમાં આવા વિચારોએ અડ્ડો જમાવ્યો, તેમ તેમ તેને ખબર તો પડતી જ રહી કે પહેલાં તેનામાં સત્યનું જે દૈવી તેજ હતું તે હવે ઓસરતું અને અદશ્ય થતું હતું.

"હું જે કંઇ કરું છું એમાં કેટલું પ્રભુની ખાતર અને કેટલું મનુષ્યોની ખાતર છે ?" આ પ્રશ્ન તેને વીંધી રહ્યો હતો. એમ ન હતું કે તેને આ પ્રશ્નનો જવાબ ન જડતો, પણ તેનામાં જવાબ આપવાની તાકાત ન હતી. તેને અંતરના ઉંડાણમાં જણાતું કે દાનવે તેનાં પ્રભુનાં કાર્યોને મનુષ્યના કાર્યોમાં ફેરવી નાખ્યાં છે. કારણ કે પહેલાં તેને એકાન્તમાંથી બહાર આવવું એ અકારું લાગતું પણ હવે એકાન્તવાસ ભોગવવો અકારો થઇ પડ્યો હતો. તે મળવા આવનારોથી ત્રાસતો, પણ અંદર અંદર તો એ લોકો એને જે ઉપકારભારના ઢગલા તળે નાખતા તેથી આનન્દ પામતો.

એવો સમય આવી લાગ્યો જ્યારે તેણે નાસી જઇ સંતાઇ જવાનો વિચાર કર્યો. તેણે યોજના પણ ઘડી મૂકી. તેણે ખેડુતનું ખમીસ, પાયજામો, કોટ અને ટોપી તૈયાર રાખ્યાં. કોઈ ગરીબને ધર્માદા આપવાં છે કહીને તેણે આ લુગડાં વસાવ્યાં હતાં એણે વિચારી રહ્યો હતો કે એક દિવસ મુંડણ કરાવી એ લુગડાં પહેરી તે નાશી છુટશે. પહેલાં કોઇ આગગાડીમાં બેસી તે ત્રણસેંએક માઇલ નીકળી જશે. પછી ગામડે ગામડે પગે ચાલીને ફરશે. તેણે એક વૃદ્ધ સૈનિકને તે શી રીતે પગ રસ્તે ભટકેલો તે, બધે ભિક્ષા મળે કે કેમ અને આમ ફરનારાઓને કોઇ ઘરમાં રાખે કે કેમ એ બધું પૂછી જોયું. કયા મુલકના લોક અત્યંત ઉદાર છે અને ક્યાં ક્યાં તેને ઘરમાં રહેવાની સોઈ મળે એમ છે તે બધું તેણે કહ્યું અને તે પ્રમાણે વર્તવાનો સર્જિયસે નિરધાર કર્યો. એક રાતે તો તેણે એ લુગડાં પહેર્યાં અને ચાલી નીકળવાની તૈયારી કરતો હતો. પણ તેને રહેવું કે જવું એ બેમાંથી કયું ઉત્તમ હતું તેની સમજણ ન પડી. ઘડી ભર તો તે અણઉકેલ્યો કોયડો રહ્યો, પછી એ સંશય ટળ્યો. અંદર રહેલા દાનવને વશવર્તી રહેવાને તે ટેવાઇ ગએલો હતો. તે તેને તાબે થયો, અને તેના ભૂતપૂર્વ વિચારો અને લાગણીઓ જે અત્યારે અસ્તિત્વમાં ન હતાં તેના સ્મરણરૂપે તે ખેડુતનાં કપડાં હવે રહ્યાં.

દિનપ્રતિદિન લોકોનાં ટોળાં વધવા લાગ્યાં અને હવે તેને પ્રાર્થના કરવા કે પોતાનામાં આધ્યાત્મિક બળ મેળવવા જેટલો સમય પણ ન રહેવા લાગ્યો. કેટલીક વાર આનંદની ઘડીમાં તેને લાગતું કે તે એવું સ્થાન છે કે જ્યાં એક વાર એક પાણીનું વહેળીયું હતું. તેણે વિચાર્યું કે જાણે પોતાનામાંથી જીવંત જળ વહેતું હતું. તેનું ખરું જીવન તો તે બાઇએ તેને લલચાવ્યો હતો ત્યારે હતું. હંમેશાં તે રાત્રિનો અને તે બાઈ જે હાલ

એક આશ્રમમાં અધિષ્ટાતા તરીકે હતી તેનો વિચાર હર્ષોન્માદમાં આવી જઇ કરતો. તેણે એ પવિત્ર જળનું આસ્વાદન કર્યું હતું. ત્યાર પછી ભાગ્યે જ એ જળ સંઘરવાનો વખત મળતો. અને તૃષાતુર લોકોનાં એવડાં ટોળાં ઉતરી પડતાં અને ધક્કામુક્કી કરતાં અને એ પાણીના વ્હેળીઆને કાદવ રહ્યો ત્યાં સુધી તેમણે ખૂંદી નાખ્યો. આમ તે શુદ્ધ પળોમાં વિચાર કરતો. પણ સાધારણ માનસિક સ્થિતિ તો થકાવટ અને એક જાતની કોમળતાથી ભરપુર હતી. કંટાળો આ બધાના નિમિત્તરૂપ હતો.

વસંત ઋતુ હતી. મહોત્સવનો દિવસ હતો. તે ગુફામાં આવેલા દેવળમાં સર્જિયસે સાયંપ્રાર્થના કરી. એ જગ્યામાં સમાય એટલા—લગભગ વીસ—માણસો હતા. તે બધા ઉચ્ચ વર્ણના—શ્રીમંત વેપારીઓ અને એવા બીજા—હતા. પોતાના દેવળમાં તે દરેકને દાખલ થવા દેતો પણ પસંદગી કરવાનું કામ, એક સાધુ જે તેની સેવાચાકરીમાં રહેતો હતો તેના હાથમાં અને બીજો એક માણસ જે રોજ આશ્રમમાંથી મઠમાં જતો અને જેને ખાસ રોકવામાં આવેલો તેનું હતું. એંશીએક જાત્રાળુઓનું ટોળું જેમાં ખાસ કરીને સ્ત્રીઓ હતી તે સર્જિયસની બહાર આવવાની અને આશીર્વાદ મેળવવાની રાહ જોતું બહાર ઉભું હતું. ઉપાસના વિધિ કરતાં જ્યારે તે પોતાના પુરોગામીની કબરને આશીર્વાદ આપવા ગયો ત્યારે તેને ચક્કર આવવા લાગ્યાં અને પોતે બેભાન થઇ જશે એવું તેને લાગવા માંડયું. અને ત્યાં જો એક વેપારી તેની પાછળ ન ઉભો હોત અને હાથ નીચેના એક પાદરીએ તેને ઝાલી લીધો ન હોત તો જરુર તે નીચે ગબડી પડત.

"આપને શું થયું? એ...બાપુ સર્જિયસ, મહારાજ! હે પ્રભુ!" એક સ્ત્રીનો અવાજ આવ્યો, "એ ધોળા પુણી જેવા થઇ ગયા છે."

સાધુ સર્જિયસે બધું બળ એકઠું કરી તે ખૂબ જ ફિક્કો પડી ગયો હતો છતાં તેણે વેપારીને ને પાદરીને બાજુએ ધકેલી પ્રાર્થના શરુ કરી. તે પાદરીએ, પરિચારકોએ અને એક બાઇ જે આશ્રમની પડોશમાં જ સર્જિયસની સેવા કરવા રહેતી, તેમણે બધાંએ ઉપાસનાનો અંત આણવાની આજીજી કરી.

"ના, ના. મને કંઇ જ નથી," મૂછો તળેથી ફિકકું હસતાં અને પ્રાર્થના જારી રાખતાં તેણે કહ્યું.. "સાધુઓનો તો એ જ માર્ગ છે," તે વિચારવા લાગ્યો.

"પવિત્ર પુરુષ' છે—ખુદાના ઘરનો ફિરસ્તો છે," તેણે તે બાઇને અને પેલો વેપારી જેણે એને ટેકો આપ્યો હતો તેને બબડતાં સાંભળ્યાં.

તેમના કાલાવાલાની અવગણના કરી તેણે પ્રાર્થના ચાલુ રાખી. નાની ગલીથી માંડી સર્જિયસ જ્યાં પ્રાર્થના કરતો તે દેવળ સુધી લોકોની ઠઠ જામી હતી. હવે સાયંપ્રાર્થના થઇ રહી હતી અને ઉપાસનાવિધિને તે ટુંકાવી રહ્યો હતો. તે થઇ રહ્યા પછી તરત જ હાજર રહેલા સર્વને આશીર્વાદ આપ્યા અને ગુફાના દ્વાર આગળ ઝાડ નીચેના બાંકડા પર આવીને બેઠો. તેને આરામ લેવો હતો—તાજી હવા લેવી હતી કારણ કે એની એને જરુર જણાઇ હતી. જયા એ બારણે આવ્યો ત્યાં તો લોકોનું ટોળું, આશીર્વાદ લેવા, શિખામણ લેવા કે મદદ યાચવા તેના તરફ ધસ્યું. મેદનીમાં સ્ત્રીઓ ઘણી હતી અને એક તીર્થસ્થાનથી બીજા તીર્થસ્થાનમાં જતા કે એક સંન્યાસી પાસેથી બીજા સંન્યાસી પાસે જતા જાત્રાળુઓ હતા, તે લોકો સદાય દેવસ્થાન અને સાધુપુરુષને જોઇ હર્ષમાં આવી જતા.

સાધુ સર્જિયસ આ બધા, સાધારણ, ઠંડી પ્રકૃતિના, અધાર્મિક અને ભાવરહિત માણસોને ઓળખતો હતો. પુરુષોમાં

ખાસ કરીને જેને ઠરી ઠામ બેસવાની ટેવ જ નથી હોતી એવા નોકરીમાંથી ફારક થએલા સિપાઇઓ હતા અને ઘણાખરા, ગરીબ, દારૂડીઆ વૃદ્ધ માણસો હતા જે એક મઠથી બીજા મઠમાં ખાલી પેટ ભરવા જ ફરતા હતા. ભોટ ખેડુતો—સ્ત્રીઓ અને પુરુષો—તેની પોતાની સ્વાર્થી જરુરિયાતો પૂરતા ત્યાં કોઇને સાજો કરાવવા કે પોતાની દીકરી કેવી રીતે પરણાવવી કે દુકાન ભાડે રાખવી હોય કે જમીન વેચાણ રાખવી હોય કે કોઇએ ઉંઘમાં છોકરૂં મારી નાખ્યું હોય તેનું પાપ શી રીતે ધોવું કે એવા બીજા નજીવા રોજના સ્વાર્થ માટે શિખામણ મેળવવા એકઠા મળતા.

સાધુ સર્જિયસને મન આ બધું પુરાણું લાગતું. અને તેમાં તેને રસ રહ્યો ન હતો. તેમની પાસેથી નવું સાંભળવાનું મળવાનું નથી એ તે જાણતો. એમની સીકલ તેનામાં ધાર્મિકભાવ ઉત્પન્ન કરી શકે એમ ન હતું. પણ તે આશીર્વાદ મેળવવાની જરૂરિયાત વાળા અને પોતાનો પડયો બોલ ઝીલવાવાળા ધારી તેમના તરફ જોવાનું મન થયું. આ કારણથી એને એકઠા થએલા લોકો ગમતાં, જો કે તેઓ તેને કંટાળો આપતા હતા.

પેલા પાદરીએ સાધુ સર્જિયસ કંટાળી ગયા છે એમ કહી લોકોના ટોળાને વિખેરવા માંડયું. પણ સાધુ સર્જિયસને સુવાર્તાના શબ્દો યાદ આવ્યા: "નાનાં બાળકોને તારી સમીપ આવવા દે જે. એમને નકારીશ મા;" અને આ શબ્દોએ તે ગદગદિત થઇ ગયો. અને બધાંને આવવા દેવાની રજા આપી. તે ઉઠયો, અને જ્યાં લોકોનું ટોળું જમા થયું હતું ત્યાં નાખેલા નાના સળિયા આગળ જઇને આશીર્વાદ આપવા લાગ્યા; પણ તેને પૂછાએલા પ્રશ્નોના તેણે આપેલા જવાબો બહુ જ અસ્પષ્ટ હતા.

એ દરેકને મળવાની ઇચ્છા હોવા છતાં તેની શક્તિ બહાર

હતું. ફરીથી તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. તેણે લથડિયું ખાધું અને આડો સળિયો પકડી લીધો. માથા ઉપર લોહી ધસી આવતું તેને લાગ્યું. તે ફીક્કો પડવા માંડયો, અને પછીથી તેનો ચ્હેરો લાલચોળ બની ગયો.

"બાકીનાઓને માટે કાલ ઉપર મુલતવી રાખું છું, આજે મારાથી કંઇ બની શકશે નહિ." એમ કહી સામાન્ય આશીર્વચનો આપી તે બાંકડા આગળ પાછો ફર્યો.

વેપારીએ તેમને હાથનો ટેકો આપી બેસાડયા. ત્યાં તો ટોળામાંથી અવાજ આવવા લાગ્યા:

"પિતા, વ્હાલા પિતા, અમને ભૂલશો નહિ. તમારા વિના અમે રવડી પડયાં છીએ."

વેપારીએ સાધુ સર્જિયસને ઝાડ તળે બાંકડા ઉપર બેસાડયો. પોતે જાતે પોલીસની ફરજ ઝુસ્સા પૂર્વક અદા કરતો ટોળાને વિખેરવા લાગ્યો. એ તો ખરી વાત કે તે ધીમેથી બોલતો કે જેથી સાધુ સર્જિયસ સાંભળી શકે નહિ. પણ તેનો અવાજ મક્કમ અને ગુસ્સાભર્યો હતો.

"ચાલ્યા જાવ અહીંથી, હું કહું છું કે અહીંથી ચાલ્યા જાવ! તમને આશીર્વાદ આપી દીધા છે. હવે તમારે બીજું શું જોઇએ છીએ. ચાલ્યા જાવ અહીંથી! પેલી બાજુ નીકળો! એ બુઢ્ઢી, એ ગંદા ચીંથરાંવાળી, ભાગી જા અહીંથી! ચાલ્યા જાવ! તમે કયાં જવાનું ધારો છો, હું કહું છું કે હવે બધું થઇ રહ્યું. આવતી કાલે તે આવશે, આજ તો ખતમ થઇ ગયું. જાવ!"

"એ ભલા આદમી! મારી નાનકડી આંખોએ તો મારે એનો લાડકો ચહેરો જ જોવો છે," એક ડોશીએ કહ્યું.

"નાની આંખો એ તો જાણ્યું! પણ અંદર નહિ આવી શકાય!"

તે વેપારી વધારે પડતી રીતે કામ લેતો હતો એ સાધુ સર્જિયસે જોયું અને ટોળાને વિખેરવાનું નથી એમ પોતાના પરિચારકને કહ્યું. એને પૂરતી ખબર હતી કે ટોળું વિખેરાઇ જશે અને પોતાને એકાન્તની અને આરામની ઇચ્છા પણ બર આવશે છતાં દેખાવ કરવાની ખાતર તેણે પોતાના પરિચારકને હૂકમ આપી મોકલ્યો.

"ઠીક, ઠીક, હું એમને કંઇ કાઢી મૂકતો નથી, હું તો એમની સાથે સહેજ વાત કરૂં છું," પેલા વેપારીએ જવાબ આપ્યો, "માણસને મારી નાખવા બેઠાં છે.• જાણે એમનામાં દયા તો છે જ નહિ. બસ પોતાનો જ વિચાર કર્યા કરે છે, નહિ. હું કહું છું કે ચાલ્યાં જાવ, જાવ કાલે આવજો!" અને તેણે બધાંને હાંકી કાઢયાં.

વેપારીને વ્યવસ્થા ગમતી અને લોકોને હાંકી મૂકવા અને ગાળો ભાંડવાનું પસંદ હતું; તેથી આ બધી જહેમત તેણે ઉઠાવી હતી. પણ એ સહુથી મોટું કારણ તો એ હતું કે તેને સાધુ સર્જિ-યસને પોતાનો એકલાનો કરી લેવો હતો. તે વિધુર હતો, અને તેને એકની એક ગાંડી અને અપરિણિત દીકરી હતી. ચૌદસો માઇલથી સાધુ સર્જિયસ પાસે સાજી કરાવવા તે તેને અહીં લાવ્યો હતો. છોકરીની માંદગીનાં પહેલાં બે વર્ષમાં તો તેણે કંઇ કંઇ ઉપાયો કર્યા હતા. પહેલાં તે તેને પ્રાંતના મુખ્ય શહેરના દવાખાનામાં લેઇ ગયો, પણ કંઈ વળ્યું નહિ. વળી એક ખેડુતને ત્યાં લેઇ ગયો, જ્યાં તેને થોડો ફાયદો પડયો. પછી તે શહેરમાં ડૉકટર પાસે લેઇ ગયો અને ભારે ફી આપી તો પણ કંઇ ટેકી લાગી નહિ. પછી એણે સાંભળ્યું કે સાધુ સર્જિયસ આવાં દરદો મટાડે છે એટલે તેને અહીં લાવ્યો. ટોળું વિખેરીને તરત જ તે સાધુ સર્જિયસની પાસે ગયો અને

કોઈ પણ જાતની સૂચના કર્યા સિવાય તે ઘુંટણીએ પડીને ભારે અવાજે બોલવા લાગ્યોઃ

"હે પવિત્ર પિતા! મારા દુઃખી બાળક ઉપર દયા કરો, અને એને એના દરદમાંથી મુક્તિ અપાવો. માફ કરજો; હું આપને સાષ્ટાંગ નમસ્કાર કરૂં છું." એમ કહી તેણે હાથ જોડયા. આ બધું એ નિયમિત અને કડકપણે જાણે કે દીકરીને સારી કરાવવાની આજીજી કરવાની અમુક મુકરર પ્રથા ન હોય એમ કર્યે જતો. એણે એવી માન્યતાથી એ કર્યું કે ઘડીભર સર્જિયસને પણ એ ખરી રીત છે એમ લાગ્યું. ગમે તેમ પણ તેણે તેને ઉઠાડયો અને તેને શું દુઃખ છે તે પૂછ્યું. વેપારીએ કહ્યું કે બે વર્ષ પહેલાં પોતાની ૨૨ વર્ષની દીકરી તેની માતાના અચાનક મૃત્યુ પછી માંદી પડી હતી. તેણે "અરે!" કહ્યું અને તેનું મગજ ચસકી ગયું. તેણે તેને ચૌદસેં માઇલથી આણી છે. અને તે સાધુ સર્જિયસની રાહ જોતી બારણે મુસાફરખાનામાં બેઠી છે. દિવસે સૂર્યના તાપથી ભડકવાને લીધે તે બહાર નીકળી ન હતી, પણ અંધારૂં થયા પછી જ નીકળશે.

"તેને નબળાઇ ઘણી છે?" સાધુ સર્જિયસે પૂછ્યું.

"ના જી. તેને ખાસ નબળાઇ જેવું નથી, પણ તે છે તો મજબુત અને દાક્તર કહે છે કે તેને મજ્જાતન્તુની નબળાઇ છે. જો આપ રજા આપો તો બાપજી, હું એક મિનિટમાં લેઇ આવું. ઓ પવિત્ર પિતા! આપ માબાપનું હૃદય ધારણ કરો, અને મારા આ દુઃખી બાળકને પ્રાર્થના કરી બચાવો!" અને ફરીથી તે ઘુંટણીએ પડયો અને હર ઘડીએ વંદન કરવા લાગ્યો. સાધુએ તેને ફરીથી ઉઠાડ્યો. પોતાનું કામ કેટલું અઘરૂં હતું અને આટઆટલા શ્રમને અંતે પોતાને એણે કેવી રીતે ધીરજપૂર્વક સાંભળ્યો હતો એ વિચારી તેણે ઉંડો નિસાસો મૂકયો.

ઘડી એકની શાન્તિ પછી તે બોલ્યો: " ઠીક એને રાત્રે લાવજે. એને માટે હું પ્રાર્થના કરીશ. અત્યારે તો હું કંટાળી ગયો છું. " અને તેણે પોતાની આંખો મીંચી દીધી. " હું બોલાવવા મોકલીશ. "

ચાખ્પાં ઉપર ચાલવાથી બૂટની વધારે ચઈડ બોલાવતો તે વેપારી ચાલી નીકળ્યો અને સાધુ એકલો રહ્યો.

સાધુ સર્જિયસનું જીવન મંદિરની ઉપાસનાઓથી અને મળવા આવનારાઓથી ભરપૂર હતું; પણ આજનો દિવસ તો ખાસ કરીને કઠણ હતો. સવારના પહોરમાં એક ખાસ અમલદાર તેની સાથે લાંબી વાતચીત કરવા આવ્યો હતો. ત્યાર પછી એક બાઇ તેના છોકરાને લેઇને આવી. છોકરો એક જુવાન અધ્યાપક હતો અને માતા ખૂબ ધર્મપરાયણ હતી, અને તેનો સાધુ સર્જિયસના તરફ ભક્તિભાવ હતો. સાધુ સાથે કંઇ વાતચીત કરે એ ઇરાદાથી તેણે છોકરાને આણ્યો હતો. એ જુવાન ખરી રીતે જોતાં સાધુ સાથે વાદવિવાદ કરવા માગતો ન હતો. તેણે પોતાથી હલકા દરજ્જાના માણસ સાથે વર્તતો હોય એમ તેની બધી વાતોમાં હાજી હા જ કરવા માંડયું. સાધુએ જાણ્યું કે જુવાન નાસ્તિક છે; પણ તેનું અંતર કંઇ ચોકખું ને શાન્ત ન જણાયું. એ પ્રસંગની સ્મૃતિ તેને અત્યારે આનંદજનક લાગતી ન હતી.

" આપ કંઈ લેશો ? " એક પરિચારકે પૂછ્યું.

" ઠીક, કંઇક લાવ. "

ત્યાંથી દશેક ડગલાં દૂર બાંધેલા એક ઝુંપડા તરફ તે માણસ ગયો. હવે સાધુ એકલો જ રહ્યો.

સાધુ સર્જિયસ એકલો રહેતો અને પોતાનું કામ પોતે જ કરી લેતો. તે માત્ર પાણી અને રોટલો જીવન ટકાવવા પૂરતાં

જ લેતો. હવે એ કાળ વહી ગયો હતો. ઘણા વખત પહેલાં તેને પોતાની જાતને વિષે બેદરકાર ન રહેવું એવી ચેતવણી આપવામાં આવી હતી, અને તેને પૌષ્ટિક પણ સાદો ખોરાક આપવામાં આવતો. તે વધારે ખાતો નહિ; પણ કરેલા કામના પ્રમાણમાં વધારે ખાતો. કેટલીક વખત તેને ખાવામાં આનન્દ થતો—કેટલાય સમય પહેલાં તેણે આ પ્રકારના વર્તાવમાં જે કંટાળો અને પાપની વાસના અનુભવ્યાં હતાં તે અદૃશ્ય થયાં હતાં.

તેણે સહેજ રાંબ પીધી, અને અડધા રોટલા સાથે એક ચાનો પ્યાલો પીધો. નોકર ચાલ્યો ગયો, અને ઝાડ નીચે બાંકડા ઉપર તે એકલો બેસી રહ્યો. એ રમણીય સન્ધ્યા હતી. વૃક્ષ ઉપર નવાં કુમળાં પાન ફૂટી રહ્યાં હતાં. કેટલાક ફૂલના છોડવાઓ ખૂબ ફાલી રહ્યા હતા. પાસે જ બુલબુલ ગાતું હતું. અને બીજાં બે ત્રણ બુલબુલ પાસેની નદીમાં ચક્કર ફરતાં ફરતાં મધુર કુંજન કરતાં હતાં. મજુરો કામ કરીને ઘેર જતા હતા. નદીવાટથી તેમના ગીતનો અવાજ આવતો હતો. ઝાડી પાછળ સૂર્ય અસ્ત થતો હતો અને તે પાંદડાંની આડેથી ભાગીતૂટી કિરણાવલી ફેંકતો હતો. એક બાજુ હરિયાળી દેખાતી હતી, જ્યારે બીજી બાજુ અંધકારમય ભાસતી હતી. તમરાંઓ આમથી તેમ ઉડતાં અને એકબીજાને અથડાતાં જમીન પર પટકાતાં હતાં. વાળુ કર્યા બાદ સાધુ સર્જિયસે માનસિક પ્રાર્થના શરુ કરી: “ હે પ્રભુ ! હે જગન્નિયંતા ! અમારા ઉપર દયા કરો, ” અને પછી તે સ્તોત્રો વાંચવા લાગ્યો.

સ્તોત્ર ચાલતું હતું ત્યાં અચાનક જ ઝાડીમાંથી એક ચકલું જમીન ઉપર ઉડયું, અને ત્યાંથી એની પાસે આવી ભયત્રસ્ત દશામાં ઉડી ગયું. તે દુનિયાના પરિત્યાગ વિષેની પ્રાર્થના

વાંચતો હતો. તેને ઝડપથી પુરી કરવા ઇચ્છતો હતો કારણકે પેલા વેપારીને અને તેની છોકરીને તે બોલાવવા માગતો હતો. એ છોકરીમાં તે રસ લેતો થયો હતો, કારણકે તેણે તેને એક પ્રકારની વિચિત્રતા દાખવી હતી, અને તે અને તેનો પિતા જેની પ્રાર્થનાઓ સફળ નિવડતી હતી તેવા સંતોની કોટિમાં તેને ગણતાં હતાં. એ વિચારનો તેણે ત્યાગ કર્યો. પણ તેના અંતરમાં તે તેની સાથે સમ્મત થતો નહિ. એક સામાન્ય માણસમાંથી પોતે આવો અસાધારણ સંત અને ચમત્કારિક પુરુષ બન્યો એ વિચારે તે આશ્ચર્ય પામતો; પણ એ વાત ખરી હતી અને એને એ વિષે શંકા ન હતી. પોતે સગી આંખે માંદા છોકરાથી માંડી છેલ્લામાં છેલ્લી એક ડોશીને આંખે દેખતી કરી ત્યાંસુધીના બધા ચમત્કારોમાં તે માનતો. સાચી ઘટનાને લીધે તો એ વિચિત્ર વાત બનવા પામી હતી. એ પ્રમાણે એ વેપારીની દીકરીમાં એને રસ પડતો, કારણકે તે શ્રદ્ધાવાળી નૂતન વ્યક્તિ હતી, અને વધારેમાં પોતાની સાજા કરવાની શક્તિનો અને પોતાની કીર્તિનો એક વધુ સાક્ષી મેળવવાનો તે અવસર હતો.

"હજારો માઇલથી લોકો આવે છે. વર્તમાનપત્રો પણ એની જ વાત કરે છે. ખુદ બાદશાહ જાણે છે. સારોય દેશ—પ્રભુ વિહોણો દેશ—જાણે છે;" આમ તે પોતાની બડાઇથી શરમાયો ને પ્રાર્થના કરવા લાગ્યો: "પ્રભુ, જગન્નિયંતા, પવિત્ર આત્મા, મારી પાસે આવો. મને શક્તિ આપો. મારાં પાપ ધોઇ નાખો. મને બચાવો. હે દયાળુ વિભુ. દુન્યવી લડાઇનાં મારાં પાપથી મને મુક્ત કરો," આ પ્રાર્થના કેટલીયે વખત નકામી ગઇ હતી છતાં તેણે અત્યારે ફરી કરી. એની પ્રાર્થનાએ બીજાઓને ચમત્કાર અનુભવાવ્યા, પણ પરમેશ્વરે

તેના નજીવા વિકારો જીતવાની શક્તિ તેને પોતાને ન આપી. એકાંતવાસની શરૂઆત દરમિયાનની પ્રાર્થનાઓ તેને સાંભરી. તે વખતે તે પવિત્રતા, નમ્રતા, અને પ્રેમ માટે કૃપાની યાચના કરતો અને પ્રભુ તેની પ્રાર્થના સાંભળતો. તેણે પોતાની પવિત્રતા જાળવી રાખી હતી, અને પોતાની આંગળીને કાપી પણ નાખી હતી. તેણે તે ઠુઠ્ઠી આંગળીને ચુંબન કર્યું. જ્યારે તે પોતાના પાપ તરફ તિરસ્કારની વૃત્તિથી જોતો ત્યારે તે નમ્ર હતો અને તેનામાં પ્રેમ ભરપૂર હતો એમ તેને લાગ્યું. તેણે એક ઘરડા દારૂડિયા સૈનિકને સત્કારી દાન આપેલું તે સમયની કોમળ લાગણીઓ અને તે રાત્રે નિર્જન વગડામાં તે બાઇને સત્કારી હતી તે સાંભરી આવ્યું. "અત્યારે તે કોઇને ચાહતો હતો કે નહિ, એમ તેણે પોતાની જાતને પૂછ્યું. શું તે સેવા કરવા પાસે રહેનાર બાઇને કે પાદરીને ચાહતો હતો ? તે દિવસે તેની પાસે આવેલામાંથી કોઇના તરફ તેને પ્રેમ હતો ? તે દિવસે આવેલા જુવાન વિદ્વાન સાથે તેણે જે ચર્ચા કરી તેમાં પોતે જ્ઞાનમાં પાછો પડેલો ન હતો એમ દર્શાવવા અને પોતાની બુદ્ધિ દેખાડવા સિવાય તેના તરફ એમની લાગણી હતી કે નહિ તે વિચાર્યું.

તેમની પાસેથી તે પ્રેમ ઇચ્છતો, તેથી આનન્દ પામતો: પણ તેમને વિષે તેને પ્રેમ ઉદ્ભવતો નહિ. હવે તેનામાં પ્રેમ કે નમ્રતા ન હતાં. વેપારીની દીકરી ૨૨ વર્ષની છે જાણી એને આનંદ થયો અને એ દેખવડી છે કે કેમ એ જાણવાને આતુર બની રહ્યો. જ્યારે તેણે તેની નબળાઈ વિષે પૂછ્યું, ત્યારે સ્ત્રીઓમાં હોય છે એ જાતની મોહકતા તેનામાં હશે કે કેમ તે પૂછવાનો તેનો આશય હતો. "શું મારું આટલું બધું પતન થયું છે ?" તેણે વિચાર્યું. "પ્રભુ ! મને મદદ કરો. મને બળ આપો. હે ઇશ્વર !" અને તે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો.

એટલામાં બુલબુલે ગીત ગાયું અને એક ફુદું ઉડીને તેની ડોકે વળગ્યું. તેણે તેને ફેંકી દીધું.

"શું તે હયાત છે? અંદરથી વસાએલા દ્વારને હું ટકોરા દઉં તો શું? આગળો બારણા ઉપર છે પણ આપણે જોઇ શકતા નથી. બુલબુલ, ફુદાં, કુદરત એ બધાં આપણી સમજ-શક્તિ માટે આગળા જેવાં છે. પેલો જુવાન કદાચ ખરૂં કહેતો હતો." તેણે એટલે સુધી તાણીને લાંબી પ્રાર્થના કરી કે એના આ વિચારો નાશ પામ્યા. તે શાન્ત થયો અને શ્રદ્ધા ભક્તિમાં મક્કમ બન્યો. તેણે ઘંટડી વગાડી અને નોકરને તે વેપારીને તેની દીકરી સાથે બોલાવી લાવવાને કહ્યું. વેપારી દીકરીને હાથ વડે દોરીને ગુફા આગળ લાવ્યો, અને ત્યાં તેણે તેને છોડી મૂકી. છોકરી તેના સુંદરવાળ સાથે ફીક્કી લાગતી હતી. તે બેઠી બાંધણીની હતી અને ભયત્રસ્ત બાળક જેવો તેનો ચહેરો હતો. એ પુખ્ત ઉમરની લાગતી હતી. સાધુ સર્જિયસ તો બારણા આગળ બાંકડા ઉપર બેસી જ રહ્યો. જ્યારે છોકરી એની પાસે આવીને ઉભી રહી ત્યારે તેણે આશીર્વાદ આપ્યા, અને તેની તરફ પોતે નાખેલી દૃષ્ટિનો વિચાર કરતાં તે આશ્ચર્ય પામ્યો. જેવી તે તેના આગળથી પસાર થઇ તે વખતે કોઇએ તેને ડંખ દીધો હોય એમ લાગ્યું. તેના ચહેરામાં તેણે કામવાસના અને માનસિક નબળાઈ પારખ્યાં. તે પોતાની ગુફામાં દાખલ થયો. તે તેની રાહ જોતી નાનકડા ટેબલ ઉપર બેઠી હતી. તે દાખલ થયો કે તે ઉભી થઈ.

"મારે મારા બાપા પાસે જવું છે," છોકરીએ કહ્યું.

"બ્હીશ નહિ," તેણે કહ્યું. "તને ક્યાં દુઃખ થાય છે?"

"આખે શરીરે મને દુઃખ થાય છે," તેણે જવાબ આપ્યો અને એકદમ હાસ્યથી તેનો ચહેરો ચળકાટ મારવા લાગ્યો.

"તને સારૂં થશે, હોં," તેણે કહ્યું. "બંદગી કર"

"એમાં શું દહાડો વળવાનો હતો? ધણીએ પ્રાર્થના કરી. એનાથી કંઈ થતું જ નથી," અને તેણે હસવાનું ચાલુ રાખ્યું. "હું આશા રાખું છું કે તમારા હાથ મારા ઉપર મૂકી આપ પ્રાર્થના કરશો. ખરે જ મને સ્વપ્નમાં પણ તમારાં દર્શન થયાં હતાં."

"એમ કેવી રીતે?"

"મેં આમ કહી તમને તમારા હાથ મારી છાતી ઉપર મૂકતા જોયા."

તેણે સાધુનો હાથ પકડી પોતાની છાતી સાથે દાબ્યો.

"અહીં."

તેણે પોતાનો જમણો હાથ આપ્યો.

"તારૂં નામ શું?" તેણે પૂછ્યું, તેનું આખું શરીર ધ્રૂજતું હતું અને તેને લાગતું હતું કે તે પોતાના વિકારને વશ રાખી શકશે નહિ.

"મેરી, શા માટે?" છોકરીએ તેનો હાથ લીધો અને બચ્ચી કરી. અને પોતાનો હાથ તેની કેડની આસપાસ વીંટાળી તેને દબાવ્યો.

"મેરી, આ શું કરે છે?" તેણે કહ્યું. "તું રાક્ષસણી છે, મેરી!"

"અરે કદાચ એમ હોય પણ ખરૂં. તેની દરકાર નહિ."

તેને ભેટી તે તેની બાજુમાં પથારી ઉપર બેઠી.

ભળભાંખળે તે બારણે નીકળ્યો. શું ખરેખર આમ બન્યું હતું? તેનો પિતા આવશે. તે બધુંય કહેશે. "તે રાક્ષસણી છે; પણ મેં આ કર્યું શું? અરે, જેના વડે મેં મારી આ આંગળી કાપી નાખી હતી તે કુહાડી અહીંઆં જ છે."

તેણે કુહાડી લીધી અને પોતાની ગુફા તરફ પાછો ફર્યો.

તેના તરફ નોકર ચાલ્યો આવતો હતો. "તમારે કંઇ લાકડાં કાપવાં છે? લાવો મને કુહાડી આપો," તે નોકરે કહ્યું.

તેને કુહાડી આપી પોતે ગુફામાં પેઠો. છોકરી ત્યાં ઉંઘતી હતી. તેના તરફ તેણે ભયત્રસ્ત દશામાં જોયું. અંદર જઇ તેણે ખેડુતનાં કપડાં પહેર્યાં. અને કાતર લઇને પોતાના વાળ કાતરી નાખ્યા. પછી ચાર વર્ષ સુધી જે રસ્તે તે ગયો ન હતો તે ડુંગરાળ રસ્તે નદી તરફ ચાલ્યો.

નદીની તેડે તેડે તે રસ્તો જતો હતો. બપોર સુધી એ રસ્તે ચાલ્યો, પછી એક અનાજના ખેતરમાં પેસી અનાજમાં પડી રહ્યો. સંધ્યાકાળે તે એક ગામ નજીક પહોંચ્યો; પણ અંદર દાખલ થયો નહિ. ફરીથી નદી તટે એક શિખર ઉપર બેઠો.

પ્રાતઃકાળનો સમય હતો. સૂર્યોદય થવામેં અર્ધા કલાકની વાર હતી. તેની આજુબાજુ બધું ભુંખરૂં અને શોકમય લાગતું હતું. સવારનો ઠંડો પવન પશ્ચિમ તરફથી ફુંકાતો હતો.

“મારે તારો અંત લાવવો જોઇએ. ઇશ્વર છે જ નહિ. પણ એ બને કેવી રીતે? અંદર ડૂબી મરૂં? હું તરી શકું છું એટલે ડૂબાશે તો નહિ જ. ત્યારે ગળે ફાંસો ખાઉં? બરાબર છે. આ કમરપટો ઝાડની ડાળીએ લટકાવી ફાંસો જ ખાઉં.” આમ તે વિચાર–વમળમાં પડ્યો.

આ તેને એટલું બધું સંભવિત અને સહેલું લાગ્યું કે દુઃખના વખતમાં તે હમેશાં પ્રાર્થના કરતો હતો તેમ પ્રાર્થના કરવાને ઇચ્છયું. પણ પ્રાર્થના કેની કરવી? ઇશ્વર તો હતો નહિ. હાથને ટેકે આડે પડખે થયો; પણ ઉંઘનું એટલું બધું જોર હતું કે હાથપર માથું મૂકી તે ઉંઘી ગયો. પણ આ ઉંઘ તો ઘડી ભર જ ચાલી ને તે એકદમ જાગી ઉઠ્યો. પછી તેણે અર્ધસ્વપ્ન અને અર્ધસ્મરણ અનુભવ્યાં.

દેશમાં પોતાની માતાના ઘરમાં પોતે એક બાળક છે એમ તેણે જોયું. એક ગાડી આવે છે અને તેમાંથી કાળી દાઢીવાળો

પોતાનો કોકો ઉતરે છે. તેની સાથે પાતળી, મોટી અને કોમળ આંખવાળી, ભીરૂ અને દયાર્દ્ર એવા નાનકડા ચહેરાવાળી એક છોકરી હતી. છોકરાઓ રમતા હતા. ત્યાં તેને લેઇ જવામાં આવી. અને બળાત્કારે છોકરાઓને તેની સાથે રમવાની ફરજ પાડી કે જે તેને કંટાળા ભરેલું લાગતું હતું. તે છોકરી મૂર્ખી હતી. બધા તેની મશ્કરી કરતા અને તેને તરતાં કેવું આવડે છે તે પૂછતા. તે જમીન પર પડી હાવભાવથી તરવાની ક્રિયા કરી બતાવતી. બધા તેની મશ્કરી કરે છે અને તેને હસી કાઢે છે એવું જ્યારે તેણે જાણ્યું ત્યારે તે શરમીંદી પડી ગઈ. તે એટલી બધી દયાજનક દેખાઇ કે તેને પોતાનું અંતર ડંખ્યું, અને તેનું માયાળુ, વશવર્તી અને કંપિત હાસ્ય તે ભૂલી શકયો નહિ. પોતે સાધુ થયો તે સમય પહેલાં તે એક જમીનદાર સાથે પરણી હતી. તે જમીનદારે પોતાની મિલ્કત ઉડાડી દીધી અને તેને મારી. તેને બે સંતાન હતાં, એક પુત્ર અને એક પુત્રી. પુત્ર તો નાનપણમાં ગુજરી ગયો અને તેને કંગાલ દશામાં મઠમાં વિધવા તરીકે ફરતી જોએલી, એવું સાધુ સર્જિયસને યાદ હતું. હજુ તે તેવીને તેવી હતી, પણ પહેલાંના જેવી મુર્ખી, અરસિક, ક્ષુદ્ર, અને દયાજનક ન હતી. તે તેની દીકરી અને દીકરીની સહિયર સાથે આવી હતી. તે વખતે તે નિર્ધન હતાં અને પાછળથી તેણે સાંભળ્યું કે તે કોઇ શહેરમાં લાચાર હાલતમાં રહેતી હતી.

"અત્યારે શા કારણથી મને તેનું સ્મરણ થયું ?" તેણે વિચાર્યું. હજુ તે વિચાર કરતાં અટક્યો નહિ. "તે ક્યાં છે ? તેનું શું થયું હશે ? જમીન ઉપર તે તરવાનું દેખાડતી હતી તે દિવસના જેવી શું તે દુઃખી હશે ? એ ગમે તેમ હો, પણ મારૂં કામ તો હવે મારી જિંદગીનો અંત લાવવાનું છે."

ફરીથી એ ભયભીત બન્યો અને પોતાની જાતને બચાવવા તે છોકરીનો વિચાર શરુ કર્યો. આમ એ લાંબા વખત સુધી પોતાના અસાધારણ અંતનો અને તે છોકરીનો—પાર્શિકાનો વિચાર કરતો પડ્યો રહ્યો. આખરે તે નિદ્રાવશ થયો, સ્વપ્નામાં તેને દેવદૂતનાં દર્શન થયાં. તેણે કહ્યું:

"પાર્શિકાની પાસે જા. તારે શું કરવાનું છે, તારાં પાપ શાં છે અને તારો મુક્તિનો માર્ગ કયો છે તે શોધી કાઢ."

તે જાગ્યો અને તેને ખાત્રી થઇ કે જે દૃશ્ય તેણે જોયું તે દેવનું દીધેલું હતું. તે આનંદ પામ્યો, અને સ્વપ્નમાં મળેલા આદેશ પ્રમાણે કરવાને કૃતનિશ્ચય થયો. ત્યાંથી ત્રણસો માઇલ દૂર જે શહેરમાં તે રહેતી હતી તેની એને ખબર હતી.

તે પગે ચાલીને ત્યાં પહોંચ્યો.

(૬)

પાર્શિકા હવે પાર્શિકા રહી ન હતી. હવે તે એક બુઢ્ઢી કરચોલીઓવાળી બની ગઇ હતી. તેનો એક જમાઇ અમલદાર હતો. પણ તે દારૂડીઓ હોઇ તેના ધંધામાં નિષ્ફળ નિવડેલો હતો. તેનો જમાઈ જે શહેરમાં નોકરી કરતો હતો ત્યાં તે રહેતી હતી. પોતાની એક દીકરી, તેનો નમાલો અને માંદો ધણી અને તેનાં પાંચ છોકરાં એમ એક કુટુંબનો નિભાવ કરતી હતી. વેપારીઓની દીકરીઓને સંગીત શીખવાડીને તે ગુજરાન ચલાવતી. કોઈ દિવસ પાંચ છ જગ્યાએ તેને ભણાવવાનું મળતું. બીજો કોઇ ધંધો મળી રહેશે તેની રાહ જોતાં તેઓ આની ઉપર જ નિભાવ કરતાં. પોતાના જમાઇને નોકરી અપાવવા તેણે પોતાના મિત્રોને અને સગાંને પત્રો લખ્યા હતા. સર્જિયસને પણ એક પત્ર લખેલો પણ તે તેને મળેલો નહિ.

આજે શનિવાર હતો. આવતી કાલે રવિવારને દિવસે છોકરાંને કંઇ સારૂં ખાવાનું આપવા માટે પોતાના બાપને ત્યાં એક રસોઇઓ બનાવતો હતો એવી વાની આજે તે બનાવતી હતી.

તેની દીકરી નાનું છોકરૂં સાચવતી હતી. અને મોટો છોકરો અને છોકરી નિશાળે ગયાં હતાં. તેનો જમાઇ ગઇ રાતના ઉજાગરાને લીધે ઘસઘસાટ ઉંઘતો હતો. એ રાત્રે પાર્શિકા પણ ઉંઘી ન હતી, કારણકે દીકરી એના ધણી સામે નકામો ક્રોધ કરતી હતી.

તેણે જોયું કે જમાઈ ખરાબ ચારિત્ર્યનો હોવાને લીધે તેનામાં કંઇ ફેરફાર થવો અશક્ય હતો. પોતાની દીકરીના ઠપકાની હવે કંઈ કારી લાગે એમ ન હતું. આ ઠપકાઓને વારી લેવામાં પોતાની શક્તિઓ વેડફાઇ જતી. ઘરમાં કંકાસ ને તિરસ્કાર તેને ગમતાં નહિ. સામાપક્ષ તરફ કટુતાની લાગણી દાખવવી એ તેને પોતાને માટે તો અસહ્ય હતું. કટુતાથી કાર્યમાં સુધારો થવાને બદલે ખરાબી થવાનો વધારે ભય છે. તેની તેને બરાબર જાણ હતી. ક્રોધ એ વિનાશનું કારણ છે તેની તેને વળી બરાબર ખાત્રી થઇ ચૂકી હતી.

રસોઇઆને તે રસોઇની કેટલીક ખૂંચો બતાવતી હતી. એટલામાં તેની દીકરીનો છએક વર્ષનો દીકરો ગભરાએલો ત્યાં દોડી આવ્યો. તેના વાંકોડીઆ પગ ઉપર તેણે ફાટયાતૂટયા મોજા પહેર્યા હતા.

“ બા, બા ! બારણે કોઇ બાવો આવ્યો છે. તને મળવું છે એમ કહે છે. ”

તેની દીકરીએ બારીમાંથી જોયું કે કોણ બોલાવે છે.

“ બા ! એ તો કોઇ જાત્રાળુ લાગે છે. ”

પાશિંકાએ તરત જ ઉતાવળે ઉતાવળે હાથ ધોઇ નાખ્યા. પોતાની ઓરડીમાંથી પાંચ કોપેક લાવીને તેને આપવાનો વિચાર કર્યો. ત્યાં તો વિચાર આવ્યો કે પાંચ કોપેક છુટ્ટા નથી; પણ દશ કોપેક છે. આથી એ વિચાર માંડી વાળી રોટલો આપવા માટે તાકા તરફ ગઇ. પોતાના આવા ક્ષુદ્ર વિચાર તરફ તેને ધિક્કાર આવ્યો. અને પોતાની દીકરીને ખાવાનું લાવવાનું કહી તે ઓરડીમાં દશ કોપેક લેવા ગઇ. "તારે માટે તો એ જ બરાબર છે." તે પોતાની જાતને કહેવા લાગી. "હવે તારે તો બેવડું દાન આપવું જોઇએ."

ખાવાનું અને પૈસા બન્ને તેણે જાત્રાળુને, ક્ષમા યાચીને આપ્યાં. પોતાની ઉદારતાનો તેને લવલેશ પણ ગર્વ ન હતો. વધારેમાં પોતે આટલું જ આપે છે એ વિચારે શરમાઈ ગઇ. જાત્રાળુ પણ દેખાવડો હતો. પ્રભુને નામે ભીખ માગતાં તેણે ત્રણસો માઇલની લાંબી મુસાફરી ખેડી હતી. તે ચીંથરેહાલ દશામાં હતો. ટાઢ તડકાને લીધે તેની ચામડીનો રંગ બદલાયો હતો. રખડપટ્ટીને લીધે તે સૂકાઇ ગયો હતો. વાળ કતરાવેલા માથા ઉપર તેણે ખેડુતની ટોપી પહેરી હતી અને પગમાં ગામડિયા જોડા પહેર્યા હતા. અતિ દીનપણાને લીધે તે વળી ગયો હતો. આમ હોવા છતાં પણ સર્જિયસનો ચહેરો જેવો ને તેવો આકર્ષક હતો. તેણે દરેક માણસને પોતાની લગની લગાડી હતી. પાશિંકા તેને ઓળખી શકી નહિ. કેટલાય વર્ષોથી તેણે તેને નહિ જોએલો એટલે ઓળખી પણ ક્યાંથી શકે?

"મહારાજ, આ મારી ફૂલ નહિ તો ફૂલની પાંખડીનો આપ સ્વીકાર કરજો. આપ કંઇ ભોજન લેશો?"

તે જમ્યો અને પૈસા પણ લીધા. પણ ત્યાંથી ખસ્યો નહિ. આથી બાઇને આશ્ચર્ય થયું. તે તેના તરફ જોતો ઉભો રહ્યો.

"બેન, પાર્શિકા, હું તારે ઘેર જ આવ્યો છું. મને ઘરમાં તો લેઈ જા."

તેની સુંદર કાળી આંખો તેના તરફ આજીજીપૂર્વક ધારી ધારીને જોવા લાગી. આંખમાં આંસુ દેખાયાં. તેના હોઠ તેની ભૂખરી મૂછો નીચે દર્દથી ધ્રૂજી ઉઠયા.

પાર્શિકાએ પોતાની ધ્રૂજતી છાતી ઉપર પોતાના હાથ દાબ્યા. તેનું મ્હોં પહોળું થયું અને ફાટી આંખે તે જાત્રાળુ તરફ જોઇ રહી.

"એ શક્ય. લાગતું નથી! સર્જિ—સર્જિયસ—સાધુ સર્જિયસ!"

"એ જ હું." સર્જિયસે ધીમા અવાજે કહ્યું. "પણ હવે એ સર્જિયસેય નથી ને સાધુ સર્જિયસેય નથી. પણ એક મહાન પાપી છે. મને અંદર લઇ જા અને કંઇક મદદ કર."

"ના, ના, એ બને જ નહિ! આટલી બધી નમ્રતા! પધારો." બાઇએ પોતાનો હાથ તેને ટેકો આપવા લાંબો કર્યો; પણ સાધુ તેનો આધાર લીધા સિવાય તેની પાછળ પાછળ ગયો.

પણ એમને બેસાડવા ક્યાં? જગ્યા બહુ નાની હતી. તેને પોતાને તો એક નાની ખોલડી હતી, અને તે પણ તેણે પોતાની દીકરીને વાપરવા આપી હતી. અત્યારે દીકરી પોતાના બાળકને હીંચોળતી ત્યાં બેઠી હતી.

રસોડામાં પડેલો બાંકડો બતાવતાં તેણે કહ્યું, "આપ જરા અહીં બેસો."

તે એકદમ બાંકડા ઉપર બેઠો અને તેના ટેવાએલા હાથે ઝોળી ઉતારી.

"એ ભગવાન શું નમ્રતા! શી પ્રતિષ્ઠા! અને હવે—"

સાધુ મૌન જ રહ્યો. અને પોતાની ઝોળી બાજુએ મૂકતાં મોં મલકાવ્યું.

"બેટા, તું આમને ઓળખે છે કે?" અને તેણે પોતાની દીકરીને કાનમાં કંઇક કહ્યું. પોતાની ઓરડીમાંથી તેમણે ઘોડીઉ તથા પથારી બારણે કાઢયાં અને સાધુને માટે જગ્યા કરી, સાધુને અંદર લેઇ ગઇ.

"આપ આરામ લ્યો. જગ્યા બહુ નાની તો છે! હું જરી જઇ આવું."

"કયાં, વારૂ?"

"એક જણને ભણાવવા જવાનું છે. મને કહેતાં તો શરમ આવે છે, પણ હું સંગીત શીખવાડું છું."

"સંગીત! ઠીક છે. પણ એક વાત સાંભળ, હું એક કામ માટે આવ્યો છું; તારી સાથે વાત કરી શકીશ?"

"હું તો બહુ સુખી થઇશ. આજે સાંજે વાત કરીએ તો?"

"ચાલશે, પણ એક બીજી વાત; હું કોણ છું તે કોઈને કહીશ નહિ. તું એકલી જ મને ઓળખે છે. બાકી હું કયાં છું તેની કોઈને ખબર નથી. અને તે જાણવાની કોઈને જરૂરેય નથી."

"અરે, પણ મેં તો મારી દીકરીને કહ્યું—"

"ઠીક. પણ એને કહેજે કે એ કોઇને વાત ન કરે."

સાધુને ગઈ રાતનો ઉજાગરો હતો અને ચાળીસેક માઇલની મુસાફરીને લીધે તે થાકયો પાકયો ઉંઘી ગયો.

પાર્શિકા જ્યારે પાછી ફરી ત્યારે સર્જિયસ નાની ઓરડીમાં તેની રાહ જોતો બેઠો હતો. તે વાળુ કરવાને ઓરડીની બહાર પણ નીકળ્યો ન હતો. પણ તે છોકરી એને રાબ અને રોટલો પીરસી ગઈ હતી.

"તું કહેતી હતી તેના કરતાં વહેલી કેમ પાછી ફરી?" સાધુએ પૂછયું. "હવે આપણે પેલી વાત કરીશું?"

"આપના જેવા મહેમાન મારે ત્યાં પધારે એવાં ભાગ્ય મારાં ક્યાંથી ? એક જણને આજે ન ભણાવ્યો. તે તો કાલેય થશે. ઘણા વખતથી આપનાં દર્શન કરવાનાં સ્વપ્નાં હું સેવી રહી હતી. મેં એક કાગળ પણ લખ્યો હતો. અને આતું તો મારૂં ભાગ્ય છે !"

"પાર્શિકા, મહેરબાની કરીને હું જે કહેવા માગું છું તે ધ્યાન દેઇને સાંભળ. જેમ કોઇ મરણ પથારીએથી પ્રભુ આગળ કબુલાત આપતો હોય તેમ આ પણ મારી કબુલાત છે. બ્હેન, હું પવિત્ર પુરુષ નથી. હું એક દુષ્ટ અને પાપી માણસ છું. હું અહંકારને લીધે અવળે રસ્તે ચઢી ગયો છું અને હું એક દુષ્ટમાં દુષ્ટ માણસ છું."

પાર્શિકા તેના તરફ તાકી રહી. તેનું કહેવું પોતાને ગળે પણ ઉતર્યું. તેણે તેના હાથને સ્પર્શ કર્યો. અને દર્દભર્યું સ્મિત કરી તે બોલી "સ્ટીવ,* તું કદાચ અતિશયોક્તિ કરતો લાગે છે."

"ના, એમ નથી. હું એક દુષ્ટ, ખુની, બેઆબરૂદાર અને ધુતારો માણસ છું."

"ઓ ભગવાન ! આ સર્વનો અર્થ શો ?"તે કંઇક બબડી.

"હવે તો મારે જીવવું જ રહ્યું. અત્યાર સુધી હું સર્વજ્ઞ છું એમ માનતો. અને બીજાંને જીવન કેમ જીવવું એ પણ શીખવતો. પણ ખરી રીતે જોતાં હું કશુંય જાણતો નથી. મારી ઇચ્છા તો તું મારો ગુરુ બને એ છે."

"શું તમે મારી મશ્કરી તો નથી કરતા ને ? રોજ રોજ આમ મશ્કરી કરવાની હોય ?"

"ઠીક હું મશ્કરી કરૂં છું એમ માની લે. પણ તારા ગત જીવનમાં શું થયું એ તો કહે ?"

* સર્જિયસનું નાનપણનું લાડનું નામ.

"હું? પણ હું તો બહુ ખરાબ—શક્ય હોય એટલું ખરાબમાં ખરાબ—જીવન જીવી છું. અત્યારે ઇશ્વર મને સજા કરી રહ્યો છે અને એ ભોગવવાને હું લાયક પણ છું. વળી અત્યારે હું એટલી બધી કંગાલ થઇ ગઇ છું કે ભાઇ, એ પૂછવામાં માલ નથી."

"તારા લગ્નનું શું? એનું કેમ ચાલે છે?"

"એ બધુંય ખરાબ હતું. ખરાબ હેતુથી પ્રેમમાં પડી અને તેથી જ પરણી. પિતા તેની વિરુદ્ધ હતા; પણ તેમનું કહ્યું મેં ગણકાર્યું નહિ, અને હું પરણી. મારા પતિને સુખી કરવાની વાત તો બાજુએ રહી; પણ ઇર્ષ્યાને લીધે મેં તેને કંગાલ બનાવી દીધો."

"મેં સાંભળ્યું હતું કે તે દારૂડિયો હતો."

"હા. પણ મેં તેને કોઇ દિવસ શાન્તિ આપી નથી. હું તેને ખૂબ ઠપકો દેતી. એ જ એનામાં રોગ હતો. તેણે તે છોડયો નહિ. મેં તેને શી રીતે તે બંધ કરાવ્યો તે અત્યારે સાંભરે છે. એવા તો ભયંકર બનાવો બનતા!" તેનાં દુઃખપૂર્ણ અને સ્મરણને લીધે ઉજ્જવલ બનેલાં ચક્ષુ સર્જિયસ તરફ જોઇ રહ્યાં.

પાર્શિકાને તેનો ધણી મારતો હતો તે સર્જિયસને યાદ આવ્યું. તેનું સૂકાઇ ગએલું ગળું અને કાન પાછળ ઉપસી આવેલી રગો, તેનો નાનકડો અડધો ભૂખરો અને અડધો રાતો ભૂરો અંબોડો, વગેરે જોતાં ભૂતકાળમાં એમ બન્યું હશે તેની ખાત્રી થઈ.

"ત્યાર બાદ હું ને મારાં બે છોકરાં એકલાં પડયાં. પાસે કંઇ પુંજી પણ ન હતી."

"પણ મિલ્કત હતી તેનું શું?"

"અરે, તે તો એમની હયાતીમાં જ વેચાઇ ગઇ. પૈસા

ખર્ચાઈ ગયા અને અમે જીવતાં રહ્યાં. કામ શી રીતે કરવું એ મને તે જમાનાની જુવાન સ્ત્રીઓની માફક આવડતું નહિ. બીજાઓના કરતાં મારી સ્થિતિ બહુ જ ખરાબ હતી. તદ્દન નિરાધાર બની ગઇ હતી. એટલે અમારી પાસે જે કંઇ હતું તે અમે વાપરી નાખ્યું. છોકરાંને ભણાવ્યાં. માશા કંઇક ભણી પણ ખરી. મિશા ચોથા ધોરણમાં હતી અને માંદી પડી. પ્રભુએ તેને પોતાની પાસે બોલાવી લીધી. માશા આ મારા જમાઇના પ્રેમમાં પડી. તે માણસ આમ છે તો સારો પણ કમનશીબ છે. રોજ માંદો ને માંદો."

"મા," તેની છોકરી વચમાં બોલી, "આ છોકરાને તું લે. હું બધે શી રીતે પહોંચી વળું?"

પાશિંકા પોતાનાં ફાટયાં તૂટ્યાં પગરખાં પહેરી બહાર ગઈ અને બેએક વર્ષના છોકરાને તેડીને પાછી આવી. છોકરૂં ખભા પાછળ પડતાં નાખવા અને તેની શાલને ખેંચવા લાગ્યું.

"વાત ક્યાંથી અધુરી હતી? હા—તેને અહીં સારી જગ્યા મળી હતી અને તે સારો ઉપરી પણ બન્યો હતો. પણ તેનાથી એ નોકરી થઇ શકી નહિ અને તેને એ જગ્યા છોડવી પડી."

"હવે એ શું કરે છે?"

"તેને જ્ઞાનતંતુની નબળાઇ છે. ભયંકર દરદ છે. અમે દાકતરને બતાવ્યું પણ તેણે કહ્યું કે બહાર રહેવા જવું જોઇએ. અમારી એવી શકિત નથી. છતાં એ કદાચ બની રહેશે. તેને બહુ દુઃખ થતું નથી, પણ—"

"લ્યુકેરીઆ!" એક માંદલો અને ક્રોધી અવાજ આવ્યો, "જ્યારે અહીં કામ બળ્યું હોય છે ત્યારે બા, એ બધાંને તું બહાર મોકલે છે!"

"હું આ આવી," કહી ફરીથી વાતમાં ભંગાણ પાડી

પાશિંકા ગઇ. "હજુ તો એમણે કંઇ ખાધું નથી. એ આપણી સાથે ખાઈ શકશે નહિ."

બહાર જઇ કંઇ ગોઠવણ કરી તે તેના પાતળા અને કાળા થએલા હાથ લુછતી લુછતી પાછી આવી.

"આ અમારૂં જીવન છે. ફરિયાદ કરૂં છું પણ મને સંતોષ થતો નથી. પણ પ્રભુનો પાડ માનવાનો છે કે બધાં છોકરાં સુંદર ને તંદુરસ્ત છે અને એ રીતે જીવન સહન થાય તેમ છે. પણ મારી જ કથા હું શું કરવા ગા ગા કરૂં છું ?"

"ત્યારે તમે ખર્ચ ક્યાંથી કાઢો છો ?"

"કેમ, એમ તો હું થોડું ભણેલી છું. પહેલાં હું સંગીતને કેવું ધિક્કારતી ! અને અત્યારે એ જ મને વધારે મદદકર્તા થઈ પડયું છે !"

પાસે પડેલા ખાના ઉપર પાશિંકાએ પોતાનો સુકુમાર હાથ મૂકેલો હતો. અને તેના ઉપર પોતાની પાતળી આંગળીઓથી તે તાલ દેતી હતી.

"તમને શું પગાર મળે છે ?"

"કેટલીક વખત એક રૂબલ તો કોઇક વાર પચાસ તો કોઇક વાર ત્રીસ કોપેક પણ મળે. એ બધા મારા તરફ બહુ માયાળુ રીતે વર્તે છે."

"વિદ્યાર્થીઓ અભ્યાસમાં આગળ વધે છે કે ?" સર્જિયસે તેની આંખમાં ફિક્કુ હાસ્ય લાવી પૂછ્યું.

પહેલાં તો પાશિંકાને લાગ્યું કે તે ગંભીરતાપૂર્વક પૂછતા ન હતા. તેથી તેના તરફ કંઇ અપેક્ષા રાખતી હોય એમ જોઈ રહી.

"કેટલાક આગળ વધે છે." તેણે કહ્યું. "એક તો બહુ જ સરસ વિદ્યાર્થીનિ છે. તે ખાટકીની દીકરી છે. એવી તો સારી અને માયાળુ છોકરી છે ! જો હું હોશિયાર સ્ત્રી હોત તો

મારા પિતાની લાગવગ કામે લગાડી મારા જમાઈને સારી નોકરી અપાવત. પણ વાંક મારો છે. તેમને મેં ખરાબ સ્થિતિમાં મુકી દીધા છે. એ બધાં વાનાં જ મારાં છે. ”

“ હા, હા, ” સાધુએ માથું નમાવતાં કહ્યું. “ એ તો બધું ઠીક, પણ પાર્શિકા દેવળ તરફ તારૂં મન કેવું છે ? ”

“ અરે, એ વાત જ જવા દો. એ વાતમાં હું બહુ ખરાબ છું. મેં એનો તિરસ્કાર પણ એવો જ કર્યો છે. જ્યારે છોકરાંને દેવળમાં જવું હોય છે ત્યારે હું તે દિવસે ઉપવાસ કરૂં છું અને એમની સાથે જાઉં છું. બાકી તો મહિના સુધી ય હું ત્યાં જતી નથી. હમણાં જ એમને હું ત્યાં મોકલું છું. ”

“ તું કેમ નથી જતી ? ”

“ સાચું પૂછો તો ”–તે શરમાઇ ગઇ–“ મારાં જુનાં લુગડાં પહેરી માશા અને છોકરાં જાય એથી મને શરમ આવે છે. મારી પાસે બીજું કંઇ છે નહિ. સાથે સાથે આળસુ પણ છું. ”

“ ઘેર કંઇ પ્રાર્થના કરો છો ? ”

“ હા, પણ એ તો યંત્રવત્ ચાલે છે. હું જાણું છું કે એ ખોટું છે. હું એટલું જાણું છું કે હું દુષ્ટ છું–બસ. ”

“ હા, હા. એ બરાબર છે. ” સાધુ જાણે તેને અનુમોદન આપતો હોય તેમ બોલ્યો.

“ એ હું આવી–હવે આવું છું ! ” આમ તેણે તેનો જમાઇ બોલાવતો હતો તેને જવાબ આપ્યો. પોતાના વાળ ઠીકઠાક કરી તે પાસેની ઓરડીમાં ગઇ.

આ વખતે તે વધુ વખત રોકાઇ. તે પાછી ફરી ત્યારે સાજયસ ઢીંચણ પર હાથ દઇ માથું નીચું રાખી પહેલાંની

જેમ જ બેસી રહેલો હતો. પણ એણે પોતાની ઝોળી ખભે ભરવી દીધેલી હતી.

તે પતરાના કોડીઆમાં દીવો લઇ પાછી ફરી ત્યારે તેણે પોતાની સુંદર ને થાકી ગએલી આંખો ઉંચી કરી એક ઉંડો નિસાસો મૂકયો.

"તમે કોણ છો એ વિષે મેં ઘરમાં કોઇને વાત કરી નથી," શરમાતાં શરમાતાં તે કહેવા લાગી. "મેં તો કહ્યું કે તમે કોઈ જાત્રાળુ છો—ઉમદા માણસ છો—અને એટલું જ હું તમારે વિષે જાણું છું. તમે રસોડામાં આવી થોડી ચા લેશો?

"ના."

"ત્યારે થોડી હું અહીં લાવું."

"ના, મારે કંઇ જ જોઇતું નથી. પ્રભુ તમારૂં ભલું કરે, બાલિકા. હું તો હવે જાઉં છું. જો તારી મારા પર દયા હોય તો તેં મને જોયો છે એમ કોઇને કહેતી ના. પ્રભુને ખાતર કોઇને કહીશ નહિ. તારો ઉપકાર માનું છું. હું તારી આગળ ઘુંટણીએ પડું એમ થાય છે પણ તેથી તને ઠીક ન લાગે એ સમજું છે. ક્રાઇસ્ટની ખાતર મને માફ કરજે."

"આપ મને આશીર્વાદ આપો."

"પ્રભુ તારી રક્ષા કરશે. મને ક્રાઇસ્ટની ખાતર માફ કરજે!" તે જવા ઉભો થયો પણ તેણે તેને રોકયો અને રોટલો અને માખણ આણ્યાં. તે ખાઇને તે ચાલી નીકળ્યો.

અંધકાર છવાઇ ગયો હતો અને એ પાસેના ઘર જેટલો દૂર ગયો હશે ત્યાં તો દેખાતો બંધ પડયો. ત્યાં પાદરીના ઘર આગળ કુતરાના ભસવાના અવાજ પરથી તે અમુક જગ્યાએ હશે એમ તેણે જાણ્યું.

"મારી ઇશ્વરપ્રેરિત વાતનો એ જ અર્થ છે. હું ભૂતકાળમાં

ન હતો અને ભવિષ્યમાં થાત એવી પાર્શિકા મને લાગી. પ્રભુ ખાતર જીવું છું એવા દંભથી હું મનુષ્ય ખાતર જીવતો હતો; તે પ્રભુ ખાતર જીવે છે પણ સમજે છે કે તે મનુષ્ય ખાતર જીવે છે! ખરેખર એક સુંદર કાર્ય—કંઇપણ ફળની આશા સિવાય આપેલું. ઠંડા પાણીનું એક પ્યાલું પણ—હું દુનિયા ઉપર કેટલાય લાભ વરસાવી દઉં છું એ જે મારી મન્યતા હતી તેના કરતાં કેટલેય દરજ્જે વધારે સારૂં છે. "પણ એમાં ય પ્રભુની સેવા કરવાનો મારો સ્હેજ પણ વિચાર હતો કે નહિ?" તેણે પોતાની જાતને પ્રશ્ન પૂછયો. જવાબ મળ્યો: "હા તેમ હતું. પણ એ વિચાર પર દુન્યવી પ્રશંસા મેળવવાની લાલસાનાં પડળ જામ્યાં હતાં. ના; જે મનુષ્ય દુનિયાની પ્રશંસા મેળવવા ખાતર જીવે છે તેને માટે પ્રભુ નથી. હવે મારે **તેની** ખોજ કરવી જ રહી."

જેમ તે પાર્શિકા પાસે ચાલીને આવ્યો હતો તેમ તેણે જાત્રાળુઓને મળતાં અને ક્રાઇસ્ટના નામે રોટલો અને રાત્રે સૂવાની જગ્યા માગતાં એક ગામથી બીજે ગામ, આગળ ચાલવા માંડયું. કોઇ વખત કોઈ ક્રોધી દુકાનદાર ગાળ આપતો, તો વળી કોઇ દારૂડીઓ ખેડુત ખખડાવી દેતો, પણ ઘણી વખત તેને અન્નજળ તો મળી રહેતાં અને કેટલીક વખત સાથે લઇ જવાને ભાથું પણ મળતું. દેખાવડો હોવાને લીધે ઘણા માણસો તેના તરફ આકર્ષાતા. કોઇ ગૃહસ્થ માણસ આમ ગરીબાઇમાં આવી પડયો છે એમ જાણી કેટલાક ખુશી થતા હતા. પણ તેની નમ્રતાએ સહુનાં હૃદય જીતી લીધાં.

જ્યાં જ્યાં એ ઉતારો કરતો ત્યાં ઘણે ભાગે તેને બાઇબલ મળી રહેતું. તાણીથી તેને વાંચતો. લોકો તેને ધ્યાનપૂર્વક સાંભળતા અને તેમને લાગણી થઇ આવતી. એ જે વાંચતો તે તેમને પરિચિત હોવા છતાં પણ નવું લાગતું એ આશ્ચર્યની વાત હતી.

કોઇને શિખામણ આપવામાં કે વાંચવા લખવામાં કે પછી કોઇનો કજીઓ પતાવવામાં તે ફળીભૂત થતો તો લોકોનો ઉપકાર સાંભળવા ઉભો રહેતો નહિ પણ તરત જ ત્યાંથી ચાલી નીકળતો. ધીમે ધીમે દૈવી પ્રકાશ તેનામાં પ્રકટતો હતો.

એક દિવસ તે બે સ્ત્રીઓ અને એક સૈનિક સાથે રસ્તે ચાલતો હતો. એક બાઈ અને એક ગૃહસ્થ ઝડપથી ગાડી હાંકતાં આવતાં હતાં અને એક બાઈ અને ગૃહસ્થ ઘોડા પર આવતાં હતાં તેમણે તેમને અટકાવ્યાં. બાઇની સાથે ગાડીમાં બેઠેલો માણસ મુસાફર–ફ્રેન્ચ–લાગતો હતો અને તેનો ધણી તેની દીકરી સાથે ઘોડા પર આવતો હતો.

તે મંડળ પેલા ફ્રેંચને જાત્રાળુઓ બતાવવા થોભ્યું. રશિયન ખેડુતોમાં એક વહેમ છે કે જાત્રાળુઓ કામ કરવાને બદલે પગે મુસાફરી કરી મોટપ દેખાડે છે. તેમણે ફ્રેન્ચ ભાષામાં બીજા ન સમજે એમ ધારી વાત કરવા માંડી.

તે ફ્રેન્ચે પૂછ્યું, “ તેમને પુછો—કે તેમની યાત્રા ઇશ્વરને ગમે છે એની ખાત્રી તેમને પોતાને છે કે નહિ ? ”

ડોશીમાએ જવાબ આપ્યો:

“ ધાર્યું તો ધરણીધરનું થાય છે. અમારા પગ તો તીર્થસ્થાનોમાં ફરી આવ્યા છે પણ અમારા હૃદય વિષે અમે કંઇ પણ કહી શકીએ નહિ ”

તેમણે સૈનિકને પૂછ્યું. તેણે કહ્યું કે તે દુનિયામાં એકલો જ છે અને ફરતારામ છે.

સર્જિયસને તે કોણ છે, એમ પૂછ્યું.

“ પ્રભુનો સેવક છું. ”

“ તે શું કહે છે ? એ જવાબ નથી દેતો. ”

“ તે કહે છે કે હું ઇશ્વરનો સેવક છું. ”

"એ કોઇ પાદરીનો દીકરો હોવો જોઇએ: કૂળવાન લાગે છે.– તારી પાસે પરચુરણ છે?"

ફ્રેન્ચ પાસે કંઇક પરચુરણ હતું. તેણે દરેકને વીસ વીસ કોપેક આપ્યા.

"પણ તેમને કહે કે આ પૈસા મીણબત્તીને વાસ્તે નહિ, પણ ચ્હા પીવાને આપું છું. ચા—ચા, "તેણે હસતાં હસતાં કહ્યું. "તારે સારૂં બુઢ્ઢા દોસ," તેણે પોતાના મોજાં વાળા હાથ વડે સર્જિયસનો બરડો થાબડયો.

"પ્રભુ તમને બચાવે," સર્જિયસે કહ્યું અને ટોપી મૂકયા શિવાય તેણે પોતાનું તાલીયું માથું નમાવ્યું.

ખાસ કરીને આ બનાવથી સર્જિયસ ખૂશ થયો કારણ કે તેણે લોકમત તરફ તિરસ્કાર દર્શાવ્યો હતો અને કંઇક નજીવું અને સ્હેલું કામ કર્યું હતું. તેણે વીસ કોપેક સ્વીકાર્યાં પણ પાછળથી તેના એક 'સુરદાસ' મિત્રને આપી દીધા.

જેમ જેમ તે લોકમત તરફ ઉદાસીન વૃત્તિ રાખવા લાગ્યો તેમ તેમ પ્રભુ તેની નજદીક છે એમ તેને લાગવા માંડયું.

આમ આઠેક માસ સુધી તેણે પગે ફરવાનું જારી રાખ્યું. છેવટે એક રાત્રે પ્રાંતના એક શહેરના મુસાફરખાનામાં જ્યાં એ બીજા જાત્રાળુઓ સાથે સૂતો હતો ત્યાંથી પકડાયો. તેની પાસે કંઇ બતાવવા જેવું લખાણ નહિ હોવાથી તેને પોલીસ-ચોકી પર લઈ ગયા. જ્યારે તેની ઓળખાણ માટે તેની પાસે કંઇ લેખિત પત્રો માગવામાં આવ્યા ત્યારે તેની પાસે કંઇ નથી એમ તેણે જણાવ્યું. પોતે પ્રભુનો સેવક છે એમ પણ કહ્યું. તે એક રખડેલ છે એમ ગણી તેને સાઇબીરીઆમાં મોકલી દીધો.

ત્યાં એ એક શ્રીમંત ખેડુતને ત્યાં રહ્યો જ્યાં હજુ તે જીવે છે. શાકભાજીના બગીચામાં કામ કરે છે, છોકરાંઓને વાંચતાં લખતાં શીખવે છે અને માંદાઓની માવજત કરે છે.

ભારતભૂષણ માલવીયાજી

પૂજ્ય માલવીયાજી નામથી
કોણ અજાણ્યું છે?

પરંતુ

તેમના જીવનચરિત્રથી ઘણાય
અજાણ્યા છે.

આ અજાનતા ચાલી શકે નહિ. આપણા દુઃખથી દુઃખી બનીને પોતાનું સમગ્ર જીવન દેશને સમર્પણ કર્યું તે સઘળી હકીકત આ પુસ્તકમાં આપી છે.

દેશને માટે તેમણે શું શું કર્યું? પ્રજાને જાગ્રત કરવા તેમણે કેવી જહેમત ઉઠાવી તેનું આબેહૂબ વર્ણન આ પુસ્તકમા છે

એટલે

આ પુસ્તક દરેક હિંદી જુવાને વાંચવું જોઈએ.

કિંમત પાંચ આના.

ગુજરાત સાહિત્ય મંદિર : રીચીરોડ : અમદાવાદ
એસ. જે. શાહ : રીચીરોડ : અમદાવાદ
સી. જમનાદાસની કંપની : પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ નં. ૨

TITLE PRINTED AT HARIHAR P. WORKS AHMEDABAD